CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 14


સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions

2002-2026
25 વર્ષ
લગાતાર પ્રજાનો વિશ્વાસ

Year : 04, Issue : 28, Dt. 01-06-2026 (MONDAY) Rs. 02/- Page : 24, RNI No. GUJGUJ/2023/84789


# સોપારી, તમાકુ અને કાચા માલના ભાવ આસમાને પહોંચતા પાન-ફાકી મોંઘા થશે?



AI IMAGE

## મોરબી બાદ રાજકોટમાં પણ નવા ભાવ જાહેર થવાની અટકળો

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

મોરબીમાં પાન-માવાના ભાવમાં કરવામાં આવેલા વધારા બાદ હવે રાજકોટમાં પણ પાન-મસાલાના ભાવ વધારાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. છેલ્લા કેટલાક મહિનાથી સોપારી, તમાકુ, કાથા, ચૂનો, મસાલા તેમજ અન્ય કાચા માલના ભાવમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી પાનના વેપારીઓનું ખર્ચનું ગણિત ખોરવાઈ ગયું છે.

મોરબીના વેપારીઓ દ્વારા ૧ જૂનથી નવા ભાવ અમલમાં મુકાયા બાદ રાજકોટના વેપારીઓ પણ ભાવવધારા અંગે વિચારણા કરે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. વેપારીઓના જણાવ્યા મુજબ સોપારી અને તમાકુના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે, જ્યારે પરિવહન ખર્ચ, દુકાનના ભાડા, વીજળી અને કર્મચારીઓના ખર્ચમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં જૂના ભાવ પર વ્યવસાય ચલાવવો મુશ્કેલ બની રહ્યો છે. જો કાચા માલના ભાવમાં ઘટાડો નહીં થાય તો રાજકોટમાં પણ પાન-માવાના દરમાં વધારો અનિવાર્ય બની શકે છે.

હાલ રાજકોટમાં માવા અને વિવિધ પ્રકારના પાનના ભાવ યથાવત્ છે, પરંતુ મોરબી બાદ હવે રાજકોટના બજારમાં પણ આ મુદ્દે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. કેટલાક વેપારીઓનું માનવું છે કે જો ભાવવધારો કરવામાં નહીં આવે તો નફાકારક રીતે ધંધો ચલાવવો મુશ્કેલ બનશે. બીજી તરફ ગ્રાહકો મોંઘવારીના વધતા માર વચ્ચે પાન-માવાના ભાવ વધવાની સંભાવનાથી ચિંતિત બન્યા છે.

શહેરના પાનરસિકોમાં પણ આ મુદ્દે ચર્ચા ચાલી રહી છે. રોજિંદા પાન-માવાનું સેવન કરતા લોકોનું કહેવું છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં લગભગ દરેક વસ્તુ મોંઘી થઈ ગઈ છે અને હવે જો પાન-માવાના ભાવ પણ વધશે તો તેનો સીધો અસર ખિસ્સા પર પડશે.

## મોરબીમાં 1 જૂનથી નવો ભાવ વધારો લાગુ

મોરબીમાં પાન, માવા અને મસાલાના શોખીનો માટે આંચકાજનક સમાચાર સામે આવ્યા છે. છેલ્લા ઘણા સમયથી કોરા પાન, સોપારી, તમાકુ, અને પાનના મસાલા સહિતની તમામ ચીજવસ્તુઓમાં સતત ભાવ વધારો થઈ રહ્યો હતો. કાચા માલના વધતા ભાવોને કારણે પાનના રીટેઈલ વેપારીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા હતા અને તેમના માટે ધંધો કરવો મુશ્કેલ બન્યો હતો. અંતે, મોરબીના સર્વે રીટેઈલ પાનવાળા વેપારી ભાઈઓના એસોસિએશન દ્વારા સર્વાનુમતે પાન અને માવાના ભાવમાં સામુહિક વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. એસોસિએશન દ્વારા અલગ-અલગ આઈટમ પર રૂ. ૩ થી ૫ સુધીનો વધારો ઝીંકવામાં આવ્યો છે, જે નવો ભાવ વધારો તારીખ ૧ જૂન ૨૦૨૬ થી અમલમાં આવી ગયો છે. એક તરફ સામાન્ય નાગરિકો પહેલાથી જ ઘરવખરીની ચીજોની મોંઘવારીનો સામનો કરી રહ્યા છે, ત્યારે હવે રોજિંદી લત અને શોખ ગણાતા પાન-માવાના ભાવ વધતા મોરબીવાસીઓ પર વધુ એક મોંઘવારીનો માર પડ્યો છે. બીજી તરફ, વેપારીઓનું કહેવું છે કે જો ભાવ ન વધાર્યો હોત તો દુકાનો બંધ કરવાનો વારો આવે તેમ હતો.

| પાન/માવાનો પ્રકાર | નવો ભાવ |
|---|---|
| કપુરી/ખાલી ચૂનો પળો કાચી પાન/માવો | રૂ. 20 |
| કપુરી/બંગલો/માવો | રૂ. 20 |
| ઝગલાન 138 પાન/માવો | રૂ. 25 |
| કપુરી મસાલા પાન માવો | રૂ. 25 |
| મીઠું સાદુ પાન | રૂ. 30 |
| 300 પાન/માવો | રૂ. 30 |
| 120 પાન/માવો | રૂ. 35 |
| મીઠું મસાલા પાન | રૂ. 35 |

## ડ્રોપ આઉટનો વિસ્ફોટ શાળા પ્રવેશોત્સવ નિષ્ક્રિય તંત્ર ઊંઘમાં ?



AI IMAGE

# રાજકોટમાં શિક્ષણ તંત્ર ફેલ 12,542 વિદ્યાર્થીઓએ શાળા છોડતા હાહાકાર

## રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના સત્તાવાર સર્વેમાં ગંભીર આંકડાઓ બહાર આવ્યા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવ જેવા મસમોટા શૈક્ષણિક કાર્યક્રમોના દાવાઓ વચ્ચે રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી (DEO) કચેરી દ્વારા કરવામાં આવેલા એક સત્તાવાર સર્વેએ જિલ્લાની શિક્ષણ વ્યવસ્થા સામે અનેક ગંભીર પ્રશ્નાર્થો ઊભા કર્યા છે. જિલ્લાના કુલ ૧,૪૮,૨૬૯ વિદ્યાર્થીઓના સર્વે દરમિયાન ચોંકાવનારી વિગત સામે આવી છે કે, ચાલુ વર્ષે કુલ ૩૨,૯૪૮ વિદ્યાર્થીઓએ અધવચ્ચેથી જ અભ્યાસ છોડી દીધો હતો. શિક્ષણ વિભાગની વિવિધ ટીમો આ પૈકીના ૨૦,૪૦૬ વિદ્યાર્થીઓને પુન શાળાએ લાવવામાં સફળ રહી છે, પરંતુ હજુ પણ ૧૨,૫૪૨ બાળકો શિક્ષણના મુખ્ય પ્રવાહથી વંચિત રહી ગયા છે. ઉનાળુ વેકેશન પૂર્ણ થતાંની સાથે જ આગામી ૮ જૂનથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થવા જઈ રહ્યું છે. જોકે, વેકેશન લંબાવવા અંગે હજુ આખરી નિર્ણય બાકી છે. નવા સત્રમાં બાલવાટિકા અને ધોરણ ૧માં નોંધાયેલા પ્રવેશના આંકડા આ પ્રમાણે છે. બાલવાટિકામાં ૨,૮૪૧ અને ધોરણ ૧માં ૭૩૭ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવશે. બાલવાટિકામાં ૧૧,૬૧૩ અને ધોરણ ૧ માં ૭૧૦ વિદ્યાર્થીઓ પ્રવેશ લેશે.

### કાયમી ડ્રોપઆઉટ બાળકોની સંખ્યા

| શહેર/તાલુકો | શિક્ષણથી વંચિત રહેલા બાળકોની સંખ્યા |
|---|---|
| રાજકોટ કોર્પોરેશન | 4,677 |
| ગોંડલ | 649 |
| રાજકોટ | 1,402 |
| જસદણ | 1,171 |
| જેતપુર | 903 |
| કોટડાસાંગાણી | 469 |
| ઉપલેટા | 784 |
| ધોરાજી | 831 |
| પડધરી | 502 |
| લોધિકા | 227 |
| વિંછીયા | 724 |
| જામકંડોરણા | 203 |
| કુલ | 12,542 |

### ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓને પરત લાવવા વિશેષ ડ્રાઈવ કરાશે: DEO

આ ગંભીર પરિસ્થિતિ અંગે રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી દીક્ષીત પટેલે જણાવ્યું કે, અમે જિલ્લામાં ૧૦૦% વિદ્યાર્થીઓનો ટ્રેકિંગ સર્વે પૂર્ણ કર્યો છે. જે બાળકો હજુ સુધી શાળાએ પરત નથી ફર્યા તેમના માટે એક વિશેષ ટ્રેકિંગ ફોર્મ બનાવવામાં આવ્યું છે. અમારા સભ્યો આવા બાળકોના વાલીઓનો રૂબરૂ સંપર્ક કરી રહ્યા છે, જેથી કાઉન્સેલિંગ કરીને આ તમામ ૧૨,૫૪૨ બાળકોને ફરીથી શાળાએ લાવી શકાય અને તેમનું ભવિષ્ય બગડતું અટકાવી શકાય.

### શાળા છોડનાર વિદ્યાર્થીઓની સંખ્યા


| ધોરણ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| ધો-1 | 2071 |
| ધો-2 | 1458 |
| ધો-3 | 1795 |
| ધો-4 | 1759 |
| ધો-5 | 1762 |
| ધો-6 | 1939 |
| ધો-7 | 1932 |
| ધો-8 | 6055 |
| ધો-9 | 3,816 |
| ધો-10 | 10,361 |
| કુલ | 32,948 |

## સૂરત બજરંગદળ પ્રમુખ જય પટેલની વિજ્ઞાન જાથાને ચેતવણી

# જયંત પંડ્યા 'સનાતન ધર્મ'ના વિરોધી ખ્રિસ્તીઓ લૂલા-લંગડાને દોડતા કરે છે ત્યાં કેમ ચૂપ

- પાદરીઓને ચેલેન્જ આપો તો જયંત પંડ્યાને 1001 ડોલરનું ઈનામ
- રાજકોટમાં કથાના આયોજનને લઈ તંત્ર એલર્ટ મોડ પર

## રાજકોટમાં ધીરેન્દ્ર શાસ્ત્રીની સભામાં વિરોધ કરશો તો ધોલાઈ કરશું : બજરંગદળ



સિટી ન્યૂઝ@રાજકોટ

આગામી તારીખ પથી ૭ જૂન દરમિયાન રાજકોટના આંગણે બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીની ભવ્ય 'હનુમંત કથા'નું આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ બાબાના આગમન પૂર્વે જ રાજકોટમાં વિરોધ અને સમર્થનનો ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. એક તરફ અંધશ્રદ્ધા સામે લડતા 'વિજ્ઞાન જાથા' એ બાબાની દિવ્ય શક્તિઓ સામે સવાલો ઉઠાવી પડકાર ફેંક્યો છે, તો બીજી તરફ હિન્દુ સંગઠનોએ વિજ્ઞાન જાથાની દાનત સામે સવાલ ઉઠાવી ખુલ્લી ચેતવણી આપી છે. વિજ્ઞાન જાથાના પ્રમુખ જયંત પંડ્યાએ ધીરેન્દ્ર શાસ્ત્રી પર તીખા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, "ધીરેન્દ્ર શાસ્ત્રી જે પણ જગ્યાએ જાય છે ત્યાં વાદ-વિવાદ અને અશાંતિનું વાતાવરણ ઊભું થાય છે તેમજ કાયદો અને વ્યવસ્થા જોખમાય છે. આ શખ્સ કોઈ સંત કે કથાકાર નથી. તેમણે રાજકીય પક્ષને ઓથ આપનારી વાતો કરી છે અને 'ચાર બાળકો પેદા કરો' જેવી વર્ણન ન કરી શકાય તેવી સલાહો આપીને લોકોમાં ખોટી દહેશત ઊભી કરી છે. વિજ્ઞાન જાથાના આ પડકાર સામે બજરંગ દળે આકરો મોરચો માંડ્યો છે. સુરત જિલ્લા બજરંગ દળના પ્રમુખ જય પટેલે જયંત પંડ્યાને ફોન પર આડે હાથ લીધા બાદ એક વીડિયો જાહેર કરીને ખુલ્લી ચેતવણી આપી છે. જય પટેલે જણાવ્યું હતું કે, "જ્યારે પણ સનાતન ધર્મની કોઈ વાત આવે ત્યારે જ વિજ્ઞાન જાથા ચેલેન્જ કરવા પહોંચી જાય છે. હું જયંત પંડ્યાને સવાલ પૂછવા માંગુ છું કે અમારા દક્ષિણ ગુજરાત, અમદાવાદ, ગોધરા અને દાહોદ જેવા વિસ્તારોમાં ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા જે પ્રાર્થના સભાઓ યોજાય છે, ત્યાં તેઓ ક્યારે જશે? આ સભાઓમાં લંગડાને ચાલતા કરવાના, હકલાને બોલતા કરવાના અને બીમારને સાજા કરવાના ખોટા પ્રચારો કરીને મોટા પાયે અંધશ્રદ્ધા ફેલાવી ધર્માંતરણ કરાવવામાં આવે છે.

## વિજ્ઞાન જાથા માત્ર સનાતન ધર્મનો જ વિરોધ કરે છે : જય પટેલ

જય પટેલે આક્રોશ વ્યક્ત કરતા કહ્યું, "સૌરાષ્ટ્ર-કચ્છ બાજુ કેન્સર સાજું કરવાના પણ દાવા થાય છે. જો વિજ્ઞાન જાથામાં તાકાત હોય તો ત્યાં જઈને રૂબરૂ ચેલેન્જ આપે. જો તેઓ તે પાદરીઓ અને પાસ્ટરો સામે જઈને આવી ચેલેન્જ આપશે, તો મારી તરફથી વિજ્ઞાન જાથાને ૧૦૦૧ ડોલરનું ઇનામ આપવામાં આવશે. વિજ્ઞાન જાથા માત્ર સનાતન ધર્મનો જ વિરોધ કરે છે, કારણ કે હિન્દુ સમાજ શાંત છે અને કંઈ કહેતો નથી. જો આ લોકો રાજકોટમાં જાહેર સભામાં વિરોધ કરવા આવશે, તો સનાતનીઓ દ્વારા જે ધોલાઈ થશે તેની કોઈ સીમા નહીં રહે.



## ફોન પર વાતચીતના અંશો

- જય પટેલઃ વિજ્ઞાન જાથામાંથી જયંતભાઈ પંડ્યા વાત કરો છો?
- જયંત પંડ્યાઃ બોલો, બોલો.
- જય પટેલઃ જયંતભાઈ, આપ ડર વખતે જ્યારે
- જ્યારે કંઈ સનાતનની કોઈ વાત હોય ત્યાં તમે ચેલેન્જ કરો છો, વિજ્ઞાનજાથાને લઈને પહોંચો છો. તો હું તમને એક ચેલેન્જ આપવા માંગુ છું. હું તમને એક ઈન્ફોર્મેશન આપવા માંગુ છું... કે અમારા દક્ષિણ ગુજરાત છે, પછી આ બાજુ અમદાવાદના બધા વિસ્તાર છે, આપણે ગોધરા-દાહોદ બાજુ છે, આ બાજુ જે ક્રિશ્ચિયનોની, ઈસાઈ મિશનરીઓની જે પ્રાર્થનાસભાઓ થાય છે, એમાં એ લોકો છે કોઈ લૂલાને, લંગડાને દોડતો કરે છે, હકલાને બોલતો કરે છે, બીમારને સાજા કરે છે, એ લોકો આવો જ પ્રચાર કરીને અંધશ્રદ્ધા ફેલાવે છે. તો ત્યાં તમે ક્યારે જશો?
- જયંત પંડ્યાઃ હવે... તમે... હું અત્યારે એક્ચ્યુઅલી કાર્યક્રમમાં જ છું, છતાં પણ વાત કરું છું. ૩૫ વર્ષની અંદર ૧૬ જેટલા ક્રિશ્ચિયન મિશનરી..
- જય પટેલ (વચ્ચે અટકાવતા): નહીં નહીં, હવે એ
- ...તમે અત્યાર સુધી કર્યું એ તો મેં કોઈ દિવસ જોયું નથી. હું જ્યારથી સમજતો થયો ત્યારથી જયંત પંડ્યાને ખાલી ભુવા-ભરાડી પાસે જ જતાં જોયા છે, સાધુ-સંતો પાસે જ જોતાં જોયા છે. હવે હું તમને ઈન્ફોર્મેશન આપું કે આ વિસ્તારમાં આ જગ્યાએ આવી રીતે અંધશ્રદ્ધા ફેલાવવામાં આવે છે પાસ્ટરો દ્વારા, તો તમે આવશો?
- જયંત પંડ્યાઃ જયંત પંડ્યાઃ કહેજો... હા, કહેજો... હા ૧૦૦ ટકા.

### ફાઈલ ક્લિયરિંગના નામે કરોડોનો ખેલ: ગાંધીનગરમાં લાંચકાંડ ઉઘાડું

# ગાંધીનગરના લાંચિયા ક્લાસ-1 અધિકારી પાસેથી 2.64 કરોડ મળ્યા

## ■ એક જ સપ્તાહમાં 100 ફાઈલ ક્લિયર કરનાર અધિકારી ઝડપાયો

## ■ સોલાર પેનલ મંજૂરીમાં મોટા ભ્રષ્ટાચારનો ખુલાસો, લાંચ આપનાર કંપનીઓ પણ રડારમાં



### સ્થળ તપાસ કર્યા વિના NOC ઈશ્યુ કરીને લાંચ મેળવતો

ACB નિયામક ભારતી પંડ્યાએ જણાવ્યું હતું કે, ACB ફીલ્ડ-૩ના પી.આઈ. પી. એન. ખોખરાને એક બાતમી મળી હતી કે, ગાંધીનગર ખાતે ઉદ્યોગ ભવનની કચેરીમાં કામ કરતાં મુખ્ય વિદ્યુત નિરીક્ષક અશ્વિન બી. ચૌધરી છે. તે સોલાર પ્રોજેક્ટમાં સ્થળ તપાસ નહીં કરી(તપાસ જરૂરી હોવા છતાં સ્થળ) અને સ્થળ તપાસ કર્યા વિના NOC ઈશ્યુ કરે છે અને તેમાં મોટા પ્રમાણમાં લાંચ મેળવે છે. આ અંગે બાતમી મળી હતી અને આ જે પૈસા છે, તેઓ પોતાની સરકારી સ્વિફ્ટ ડિઝાયર ગાડીમાં રોજે ઘરે લઈ જાય છે, તેવી બાતમી મળી હતી.

## 1.76 કરોડ રોકડા અને 2.64 કરોડની મત્તા ઘર–ગાડીમાંથી મળી : લાંચ આપનાર કંપની સામે પણ તપાસ કરાશે

## ચાર વર્ષમાં ઊભું કર્યું કરોડોનું સામ્રાજ્ય, હવે ACB તપાસશે દરેક મંજૂર થયેલી ફાઈલ

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ACB દ્વારા ગાંધીનગરમાં ગુજરાત સરકારના ઉર્જા વિભાગમાં ફરજ બજાવતા વિદ્યુત નિરીક્ષણ કચેરીના ક્લાસ વન ઓફિસર એ.બી.ચૌધરીની ધરપકડ કરવામાં આવી છે. સોલાર પેનલની એનઓસી આપવાના બદલામાં ૫ લાખ રૂપિયાની લાંચ લેતા હોવાની ફરિયાદના આધારે ACBએ ટ્રેપ ગોઠવીને દબોચી લીધો હતો. આ અટકાયત બાદ અધિકારીના ઘર અને ગાડીમાંથી મોટી માત્રામાં રોકડ તેમજ દાગીના મળી આવ્યા છે.

ગાંધીનગરના લાંચિયા ક્લાસ-૧ અધિકારી પાસેથી સુરત અને ગાંધીનગરમાંથી રૂ. ૨.૬૪ કરોડની મત્તા મળી આવી છે. અને અધિકારીની સ્વિફ્ટ કારમાંથી ૫ લાખ અને તેના ઘરેથી ૧.૭૬ કરોડની રોકડ રકમ જપ્ત કરાઈ છે. તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી ક્લાસ-૧ અધિકારીએ માત્ર એક જ અઠવાડિયામાં સોલાર પેનલની ૧૦૦ જેટલી ફાઈલો ધડાધડ ક્લિયર કરી છે.

એક અરજદાર પાસેથી સોલાર પેનલની મંજૂરી (NOC) મેળવવાના મામલે ક્લાસ વન ઓફિસર એ.બી.ચૌધરીએ મોટી રકમની લાંચની માંગણી કરી હતી. આ અંગે ફરિયાદ મળતા જ એસીબીની ટીમે છટકું ગોઠવ્યું હતું, જેમાં અધિકારી ૫ લાખની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયો હતો. તપાસ દરમિયાન અધિકારીની કારમાંથી જ આ ૫ લાખની રોકડ રકમ રિકવર કરવામાં આવી હતી.

બાતમીના આધારે ક્લાસ વન અધિકારી ગાંધીનગર અને સુરત ખાતેના મકાનોમાં સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. આ સર્ચ પ્રક્રિયા પૂર્ણ થતાં તેના ગાંધીનગર અને સુરત ખાતેના મકાનો અને ગાડીમાંથી કુલ રૂ.૧.૭૬ કરોડની રોકડ રકમ અને રૂ. ૮૮.૮૨ લાખની અંદાજિત કિંમતના સોના-ચાંદીની લગડીઓ, દાગીના અને સિક્કાઓ મળી આવ્યા હતાં. આમ કુલ રૂ.૨.૬૪ કરોડની મત્તા આરોપીના ઘર અને તેની ગાડીના સર્ચ ઓપરેશન દરમિયાન મળી આવ્યું હતું.

કંપની અને અરજદાર સાથે ડીલ પ્રમાણે લાંચ લેવામાં આવતી હતી. અરજી આવે નિયમ પ્રોટોકોલ પ્રમાણે કાર્યવાહી કરવાની બદલે નિયમો તોડી મંજૂરી અપાતી હતી. જોકે નકશાનો ડિટેલ અભ્યાસ કરવાના બદલે વિગતવાર ચકાસણી કર્યા વિના અને સ્થળ તપાસ કર્યા વગર જ મંજૂરી આપતા હતાં.

ACB નિયામકે વધુમાં કહ્યું કે, અશ્વિન ચૌધરી આ જગ્યાએ આશરે ચારેક વર્ષથી કામ કરતા હતો. આરોપી અધિકારી પત્ની અને બે બાળકો સાથે પરિવાર રહે છે, જેમની પાસે ગાંધીનગરમાં સરકારી આવાસ અને સુરતમાં પોતાનું મકાન હોવાની વિગતો મળી હતી. હાલમાં એસીબી દ્વારા તેમના ઘરેથી રોકડા કેશ, સોના-ચાંદીના દાગીના તેમજ અન્ય મિલકતો અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. લાંચ આપનાર કંપની સામે પણ કડક પગલાં લેવામાં આવશે. આમાં અન્ય સ્ટાફ અને અન્ય કોઈ ખાનગી વ્યક્તિની સંડોવણી છે કે નહીં તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે.

આગળની તપાસમાં અશ્વિન ચૌધરીના બેંક ખાતાઓની, કુટુંબીજનના મિલકતોની માહિતી અને તેના લોકરોની માહિતી મેળવવામાં આવશે. તેને પણ અગાઉ આ પ્રકારની જે ફાઈલો ક્લિયર કરી છે, તે ફાઈલો મેળવીને તેની ઉપર કાર્યવાહી કરાશે. અને તેને કોઈ સત્તાનો દુરુપયોગ કર્યો છે કે કેમ, તે અંગે પણ તપાસ આગળ કરવામાં આવશે.

આ અંગે પી. એન. ખોખરાએ સરકાર પક્ષે ફરિયાદી બનીને FIR નોંધાવી છે. આગળની તપાસ છે તે ગાંધીનગરના પો.ઈન્સ. મયુરધ્વજસિંહ સરવૈયા કરી રહ્યા છે. અને આ પ્રકારની કોઈપણ માહિતી કોઈપણ પ્રજાજનને મળી આવે તો તેઓને એસીબીનો સંપર્ક કરવા માટે જણાવવામાં આવે છે.

## સિરાજે ઈન્સ્ટાગ્રામ પર ફોટો અપલોડ કર્યા

# ગુજરાત ટીમની બસમાં શોર્ટ સર્કિટ; શુભમન ગિલ માંડ-માંડ બચ્યો



## શોર્ટ સર્કિટના કારણે બસમાંથી ધૂમાડાં નિકળ્યાઃ ખેલાડીઓ રસ્તા ઉપર બેઠા




**સિટી ન્યૂઝ@અમદાવાદ**

IPL-૨૦૨૬ની ફાઈનલના આ નિરાશાજનક અંત બાદ, રનર-અપ રહેલી ગુજરાત ટાઇટન્સની ટીમ એક મોટી દુર્ઘટનામાંથી માંડ-માંડ બચી હતી. PTIના રિપોર્ટ્સ મુજબ ફાઈનલ પછી રવિવારે રાત્રે મેચ પૂરી થયા બાદ જ્યારે ટીમ બસ નરેન્દ્ર મોદી સ્ટેડિયમથી ખેલાડીઓને લઈને અમદાવાદની હોટેલ પર પરત ફરી રહી હતી, ત્યારે બસમાં અચાનક શોર્ટ સર્કિટ થયું હતું. જેના કારણે બસમાં ધૂમાડો ફેલાયો હતો. સદનસીબે તમામ ખેલાડીઓને સમયસર અને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા હોવાથી કોઈ મોટી જાનહાની કે નુકસાન થયું ન હતું. આ ઘટનાને કારણે પ્લેયર્સે લગભગ એક કલાક સુધી રસ્તા પર જ અટવાઈ રહેવું પડ્યું હતું.

અમદાવાદના ભાટ ગામ નજીક આવેલા એપોલો સર્કલ રિંગ રોડ પર ટીમની બસમાંથી ધુમાડો નીકળતો હતો. પોલીસ અને બસના ડ્રાઈવરને જાણ થતા તાત્કાલિક તમામ પ્લેયર્સ અને સ્ટાફને બસમાંથી ઉતાર્યા હતાશુભમન ગિલની કેપ્ટનશીપ હેઠળની ગુજરાત ટાઇટન્સને પહેલાથી જ ફાઈનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુની સામે ૫ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. ફાઈનલ બાદ જ્યારે ટીમ સ્ટેડિયમથી હોટેલ પરત ફરી રહી હતી, ત્યારે જ રસ્તામાં બસમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. શોર્ટ સર્કિટના કારણે બસને રોકવી પડી હતી અને ખેલાડીઓ અંદાજે એક કલાક સુધી રોડ પર જ ફસાયેલા રહ્યા હતા. જોકે, રાહતની વાત એ રહી કે કોઈ ખેલાડી કે સ્ટાફ મેમ્બરને કોઈ નુકસાન પહોંચ્યું ન હતું.

### ઓનલાઈન અરજી પણ ફિઝિકલ હાજરી ફરજિયાત, તંત્રની ડબલ પોલિસી


# ‘ડિજિટલ ગુજરાત’ ના દાવા ફેલ !




**સુગમ પોર્ટલ છતાં કચેરીના ચક્કર યથાવત**

**જાહેરાતોમાં ડિજિટલ, હકીકતમાં દફતરશાહી : અરજદારી પરેશાન**

## ઓનલાઈન સેવા કે મજાક ?




**મામલતદાર કચેરી સહિત તમામ સરકારી કચેરીમાં લોકોની હેરાનગતિ ચાલુ**

## લોકોને થઈ રહી છે મુશ્કેલી

- ઓનલાઈન અરજી કર્યા બાદ પણ કચેરીમાં ફરજિયાત હાજરી
- સમય અને નાણાંનો બગાડ
- તે જ દસ્તાવેજોની વારંવાર માંગણી
- સિસ્ટમમાં પારદર્શિતાનો અભાવ, લોકોમાં રોષ

## ડિજિટલના દાવા નહીં, હકીકતમાં સરળ અને સુવિધાજનક સેવા આપો તંત્ર!

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**



ગુજરાત સરકાર દ્વારા ડિજિટલ ગવર્નન્સને પ્રોત્સાહન આપવા માટે સુગમ ડિજિટલ ગુજરાત પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે, જેમાં આવકનો દાખલો, સિનિયર સિટીઝન સર્ટિફિકેટ, રેશનિંગ સંબંધિત દાખલા સહિત લગભગ ૨૦ પ્રકારની સેવાઓ સંપૂર્ણપણે ઓનલાઈન ઉપલબ્ધ કરવામાં આવી છે. સરકારના દાવા મુજબ, અરજદારો ઘરે બેઠા ઓનલાઈન અરજી કરી શકે, જરૂરી દસ્તાવેજો અપલોડ કરી શકે અને માત્ર ૩-૪ દિવસમાં પોતાનો દાખલો ઓનલાઈન ડાઉનલોડ કરી શકે છે. પરંતુ હકીકતમાં સ્થિતિ થોડું જુદી જોવા મળી રહી છે. અનેક જગ્યાએ મામલતદાર કચેરીઓમાં અધિકારીઓ અને સ્ટાફ દ્વારા અરજદારોને રૂબરૂ હાજર રહેવા માટે બોલાવવામાં આવે છે. એટલું જ નહીં, ઓનલાઈન કરેલી અરજીઓ માટે પણ દસ્તાવેજો ફિઝિકલ સ્વરૂપે રજૂ કરવા કહેવામાં આવે છે, જે ડિજિટલ પ્રક્રિયાના મૂળ હેતુને ખોટો પાડે છે.વાલીઓ અને સામાન્ય નાગરિકો ખાસ કરીને આ બાબતે ભારે પરેશાન થઈ રહ્યા છે. દરેક દાખલા માટે કચેરીના ચક્કર લગાવવા પડે છે, સમય અને ખર્ચ બંને વધે છે. બીજી તરફ, સરકાર દ્વારા રેડિયો અને અન્ય માધ્યમો પર વ્યાપક જાહેરાતો કરવામાં આવે છે કે હવે “કચેરીએ જવાની જરૂર નથી, બધું ઓનલાઈન શક્ય છે”, પરંતુ જમીન સ્તરે હકીકત તેના વિપરીત જોવા મળે છે. આ સ્થિતિને કારણે નાગરિકોમાં અસંતોષ વધી રહ્યો છે. ડિજિટલ સેવાઓ હોવા છતાં જો ઓફલાઈન પ્રક્રિયા જ ચાલુ રહે, તો આ પહેલનો લાભ સામાન્ય જનતાને મળતો નથી. આ મુદ્દે તંત્ર દ્વારા તાત્કાલિક ધ્યાન આપી, કચેરી સ્તરે પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવાની જરૂર છે, જેથી “ડિજિટલ ગુજરાત”નો હેતુ સાચે જ સાકાર થઈ શકે.

# JEE એડવાન્સમાં રાજસ્થાનનો જલવો

## કોટાના શુભમને AIR-1, કબીરને AIR-2 : સીકરના જતિને ત્રીજો ક્રમ મેળવી ઈતિહાસ રચ્યો

**સિટી ન્યૂઝ@કોટા**




જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામ એડવાન્સ ૨૦૨૬નું પરિણામ જાહેર થઈ ગયું છે. કોટાના વિદ્યાર્થી શુભમે પહેલો અને કબીરે ઓલ ઈન્ડિયા સેકન્ડ રેન્ક મેળવ્યો છે. પરિણામ આવતાની સાથે જ કોટામાં ઉત્સવનો માહોલ છે. આ સતત ત્રીજું વર્ષ છે, જ્યારે કોટામાંથી ઓલ ઈન્ડિયા પહેલો રેન્ક બન્યો છે.

JEE એડવાન્સના પરિણામથી લગભગ ૫૫ હજાર વિદ્યાર્થીઓ દેશની ૨૩ IITની બી-ટેક, ઈન્ટિગ્રેટેડ એમ-ટેક અને ડ્યુઅલ ડિગ્રી અભ્યાસક્રમોમાં એડમિશનની કાઉન્સેલિંગ માટે ક્વોલિફાય જાહેર થયા છે.

શેડ્યૂલ મુજબ પરિણામ સોમવારે (૧ જૂન) સવારે ૧૦ વાગ્યે જાહેર થવાનું હતું, પરંતુ રવિવારે મોડી રાત્રે ૨.૩૦ વાગ્યે જ જાહેર કરી દેવામાં આવ્યું. આ પરીક્ષા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (IIT) રૂરકી દ્વારા લેવામાં આવી હતી.

JEE એડવાન્સમાં ફર્સ્ટ અને સેકન્ડ રેન્ક મેળવનાર વિદ્યાર્થીઓને ૩૩૦ અને ૩૨૯ માર્ક્સ મળ્યા છે. એક નંબરના કારણે કબીર બીજા નંબર પર રહ્યો છે.સીકરના વિદ્યાર્થી જતિન કુમાર ચાહરે સમગ્ર ભારતમાં ત્રીજો ક્રમ મેળવ્યો છે. તેણે ૩૬૦ માંથી ૩૧૯ ગુણ મેળવ્યા છે. તેણે અગાઉ JEE મેઈનમાં ૧૩૩મો ક્રમ મેળવ્યો હતો. જતિનની પસંદગી ૯મા અને ૧૦મા ધોરણમાં આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિયાડ કેમ્પ માટે પણ થઈ હતી. મૂળ ઝુંઝુનુ જિલ્લાના ગોથ ગામના વતની જતિને કહ્યું કે તેણે સંપૂર્ણપણે પોતાના કોન્સેપ્ટને ક્લીયર કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું.


જ્યારે, ગયા વર્ષે ક્વોલિફાઈંગ કટઓફ ૭૪ અંક હતું, જે હવે વધીને ૯૨ અંક થઈ ગયું છે. આ વર્ષે કોઈ પણ પ્રશ્ન બોનસ જાહેર કરવામાં આવ્યો નથી. કેમેસ્ટ્રી અને મેથેમેટિક્સ વિષયના પેપરમાં કોઈ ભૂલ નથી. ગયા વર્ષે ૨૦૨૫માં કુલ ૧ લાખ ૮૦ હજાર ૪૨૨ વિદ્યાર્થીઓ પરીક્ષામાં સામેલ થયા હતા. તેમાંથી ૫૪ હજાર ૩૭૮ વિદ્યાર્થીઓએ વિવિધ શ્રેણીઓમાં ક્વોલિફાય કર્યું હતું.

આ કુલ પરીક્ષાર્થીઓનો ૩૦.૦૧ ટકા હતો, જે અત્યાર સુધીનો સૌથી વધુ ટકાવારી રહ્યો હતો. ગયા વર્ષે કોમન રેન્ક લિસ્ટ (CRL)ની ક્વોલિફાઈંગ કટઓફમાં મોટો ઘટાડો નોંધાયો હતો. વર્ષ ૨૦૨૫માં CRLની કટઓફ ૭૪ અંક રહી હતી. તે પહેલાં ૨૦૨૪માં આ ૧૦૯ અંક હતી. ટકાવારીના રૂપમાં આ અનુક્રમે ૨૦.૫૬ ટકા અને ૩૦.૩૪ ટકા રહી હતી.


## JEE એડવાન્સમાં રાજકોટનો ડબલ ધમાકો

# મોક્ષરાજસિંહ સૌરાષ્ટ્રમાં મોખરે, નિમય પુરોહિતે AIR-141 મેળવી શહેરનું ગૌરવ વધાર્યું

**સિટી ન્યૂઝ@રાજકોટ**



મોક્ષરાજસિંહ જાડેજા



નિમય પુરોહિત

IIT રૂરકીએ ૧ જુન ૨૦૨૬ના રોજ દેશની સૌથી મોટી એન્જિનિયરિંગ પ્રવેશ પરીક્ષા JEE એડવાન્સ ૨૦૨૬નું પરિણામ જાહેર કર્યું છે.જેમાં મોદી સ્કૂલનો વિદ્યાર્થી મોક્ષરાજસિંહ જાડેજા રાજકોટ ફર્સ્ટ આવ્યો છે અને સૌરાષ્ટ્રમાં ટોપર છે. જ્યારે એલન રાજકોટના વિદ્યાર્થી નિમય પુરોહિતે બીજો ક્રમ મેળવ્યો છે.

JEE એડવાન્સની પરીક્ષામાં રાજકોટની મોદી સ્કૂલનો વિદ્યાર્થી મોક્ષરાજસિંહ જાડેજા મોખરે રહ્યો છે. ૩૬૦માંથી ૨૬૭ માર્ક મેળવી રાજકોટ ટોપર રહ્યો છે. તેને ઓલ ઈન્ડિયામાં ૧૩૫ તો જનરલ EWS કેટેગરીમાં ૧૦મો રેન્ક મેળવ્યો છે. તેમના પિતાનું નામ મહેન્દ્રસિંહ છે.

જ્યારે JEE એડવાન્સની પરીક્ષામાં સતત સાતમા વર્ષે એલન રાજકોટના સિંગલ કેમ્પસ અને મર્યાદિત વિદ્યાર્થીઓમાંથી સૌરાષ્ટ્રમાં સર્વોચ્ચ ઓલ ઈન્ડિયા રેન્ક અને સૌથી વધુ પસંદગી આપીને પોતાનું વર્ચસ્વ અને શ્રેષ્ઠતા જાળવી રાખી છે.

એલન રાજકોટના વિદ્યાર્થી નિમય પુરોહિતે JEE એડવાન્સ ૨૦૨૬માં ઓલ ઈન્ડિયામાં ૧૪૧ મો રેન્ક મેળવ્યો છે. જેને JEE મેઈનમાં ઓલ ઈન્ડિયા રેન્ક ૧૬ અને ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવ્યા હતા. તેને ધોરણ ૧૨ CBSE મા ૯૭% મેળવ્યા હતા. જેના પિતા હર્ષલ પુરોહિત અને માતા દર્શના પુરોહિત બંને ડોક્ટર છે. નિમય રાજકોટમાં છેલ્લા ૪ વર્ષ થી અભ્યાસ કરે છે. તેમનું માનવું છે કે નિયમિત, શિસ્તબદ્ધ અભ્યાસથી તેને પરીક્ષામાં સારો સ્કોર કરવામાં મદદ મળી છે. તેણે યોગ્ય સમયપત્રકનું પાલન કર્યું છે અને તમામ વિષયોને સમાન મહત્વ આપ્યું છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, એલન રાજકોટના ફેકલ્ટીઓએ મને સમયસર આખો અભ્યાસક્રમ પૂરો કરાવ્યો અને જેના કારણે મને રીવીઝન અને પ્રેક્ટિસ કરવા માટે પૂરતો સમય મળ્યો. નિયમિત ડાઉટ કાઉન્ટર્સ, એલન સ્ટડી મટિરિયલ્સ પણ મને ખૂબજ મદદરૂપ થયું છે. એલન રાજકોટ દ્વારા આયોજિત કોમ્પ્યુટર આધારિત પ્રેક્ટિસ (CBT) ટેસ્ટ આપવાથી મને વાસ્તવિક પરીક્ષા માટે પ્રેક્ટિસ અને ઓનલાઈન એપનો ઉપયોગ કરીને તમામ ટેસ્ટનું ડિજિટલ વિશ્લેષણ પણ મેળવતો હતો.

જેનાથી તેને તેના અભ્યાસનું આયોજન કરવામાં ઘણી મદદ મળી. તે અને તેનો આખો પરિવાર JEE એડવાન્સ ૨૦૨૬ની પરીક્ષામાં તેના શાનદાર પરિણામથી ખૂબ જ ખુશ છે. તે ભગવાન, તેના માતાપિતા અને શિક્ષકોનો ખૂબ આભારી છે. તે ટોપ IIT કોલેજમાં પ્રવેશ લેવા માંગે છે અને કમ્પ્યુટર સાયન્સમાં B.Tech કરવા માંગે છે.

### હાલ પરિસ્થિતિ નિયંત્રણમાં છેઃ વન મંત્રી અર્જુન મોઢવાડિયા

# ગીરમાં 12 સિંહોના મોતથી સનસનાટીઃ PM સુધી ગુંજ; વન વિભાગ હાઈએલર્ટ !

## એનિમલ કેર સેન્ટરમાં 22 સિંહ આઈસોલેશનમાં

### 2018માં 29 સિંહોના મોત થયા હતા

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

એશિયાટિક સિંહોના ગઢ ગણાતા ગીરમાં ફરી એકવાર સિંહોની સ્થિતિ ચિંતાજનક બની છે. ગીર પશ્ચિમ અને પૂર્વની ૧૯ રેન્જમાં રોગચાળાનો ભય તોળાઈ રહ્યો છે, જેમાં ગીર પૂર્વની જસાધાર રેન્જ સૌથી વધુ પ્રભાવિત જોવા મળી રહી છે. જસાધાર એનિમલ કેર સેન્ટર બહાર આવેલા સ્મશાનમાં આજે (૩૦ મે ૨૦૨૬) બપોરે એક નાની ચિતા સળગતી જોવા મળતાં જ વન્યજીવ પ્રેમીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે અને કોઈ સિંહબાળનું મોત થયું હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. હાલમાં જ ૧૨ સિંહોના મોતના મામલે છેક દિલ્હી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધી પડઘા પડ્યા છે, જેને પગલે વન મંત્રી મોઢવાડિયા સહિતનો ઉચ્ચ કાફલો તાબડતોબ જસાધાર દોડી આવ્યો છે. હાલ આ સેન્ટરમાં ૨૦ જેટલા સિંહ સારવાર હેઠળ છે. ગીર પૂર્વ અને પશ્ચિમમાં સિંહોમાં ફેલાયેલા રોગચાળા અને તેના કારણે થઈ રહેલા મૃત્યુ બાદ પરિસ્થિતિનો તાગ મેળવવા વન મંત્રી અર્જુન મોઢવાડિયા જામવાળા એનિમલ કેર સેન્ટર પહોંચ્યા હતા. તેમણે વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં CCF રતન નાલા સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. મંત્રીએ એનિમલ કેર સેન્ટરમાં રાખવામાં આવેલા સિંહોની વર્તમાન સ્થિતિ વિશે વિગતવાર જાણકારી મેળવી હતી. બેઠક બાદ મંત્રી મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, હાલ પરિસ્થિતિ નિયંત્રણમાં છે. છેલ્લા ત્રણ દિવસથી એક પણ સિંહના મૃત્યુના સમાચાર નથી. જસાધાર કેર સેન્ટર ખાતે સ્થળ પર અમે પહોંચ્યા ત્યારે ચોંકાવનારા દ્રશ્યો સામે આવ્યા હતા. એનિમલ સ્મશાનમાં લાકડાનો પહાડ ખડકી દેવાયો હતો. અહીં લાકડાનો જથ્થો રાખવા માટે જગ્યા ઓછી પડતી હોય તેવી સ્થિતિ હોય તેમ સિંહને કેદ કરવાની જગ્યા (પાંજરા)ની પાસે પણ લાકડા ભરવામાં આવ્યા છે. આ ઘટના સિંહોના સ્વાસ્થ્ય અને મૃત્યુદર અંગે ગંભીર સવાલો ઉભા કરે છે.



**પર્યાવરણને નુકસાનકારક પ્રવૃત્તિઓ સિંહો માટે જોખમીઃ પર્યાવરણ પ્રેમીનો CMને પત્ર**

### RFO ચૂપઃ સ્થિતિ વિકટ બની રહી છે

## જસાધાર એનિમલ કેર સેન્ટરને અંદરથી તાળા મારી દેવાયા




ગીરમાં ભેદી રોગચાળાથી ટપોટપ ૧૨ સિંહોનાં મોત થયા છે. વનવિભાગના અધિકારીઓ મોતનો આંકડો અને બીમારીનું સાચું કારણ છૂપાવવા ઢાંકપિછોડો કરી રહ્યા છે. જ્યાં બીમાર સિંહોની સારવાર ચાલી રહી છે એ જસાધાર એનિમલ કેર સેન્ટમાં પણ સન્નાટો છે. શનિવારે સાંજે હૉસ્પિટલને અંદરથી તાળાં મારેલાં હતાં. નજીકમાં પ્રાણીઓના સ્મશાનમાં સળગતી ચિતાઓ અને લાકડાનો જથ્થો જોતાં ગીરનાં સાવજની વિકટ સ્થિતિનું અનુમાન લગાવી શકાય છે.સૂત્રોનું માનીએ તો અહીં અંદાજે વીસ જેટલા બીમાર સિંહોની સારવાર ચાલી રહી છે. આ અંગે અમારી ટીમે જવાબદાર અધિકારી સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો. જો કે, RFO સાહેબ આરામમાં હોવાનો ઉડાઉ અને વાહિયાત જવાબ મળ્યો. એકસાથે આટલા સિંહોના મોત પાછળ ક્યાંક વનવિભાગની ગાફલાઈ પણ છતી થઈ રહી છે. દર બુધવારે અને પૂનમે પેટ્રોલિંગ થાય છે, આ ઉપરાંત PGVCL અને પોલીસની સાથે કોમ્બિંગ નાઈટ થાય છે. આમ છતાં કોઈને બીમારી દેખાઈ નહીં.કમનસીબી તો એ છે કે, પ્રોજેક્ટ લાયન અંતર્ગત સરકાર દર વર્ષે એક સિંહ પાછળ ૩૩ લાખ રૂપિયાનો ખર્ચ કરે છે. આમ છતાં વનવિભાગ હજુ સુધી સિંહોની બીમારીનું સાચું કારણ જાણી શક્યો નથી. સરકાર ભલે આ આખા મામલાને દબાવવાનો પ્રયાસ કરે પરંતુ રોગચાળાનું કારણ કેનાઈન ડિસ્ટેમ્પર વાઈરસ હોવાની શક્યતા વધુ છે.

# ફિટનેસનો પાવરઃ સંજય સોલંકીએ દોડી 6 ફુલ મેરેથોન

## વર્ષ 2012માં માત્ર 400 મીટરથી શરૂઆત કરી આજે દેશભરમાં રાજકોટનું નામ રોશન કરતા દોડવીર સંજય સોલંકીઃ 20થી વધુ હાફ મેરેથોન પૂર્ણ કરી



## સંગીત અને રનિંગનો અનોખો સંગમઃ રાજકોટના રનરનો નવો રેકોર્ડ






**સિટી ન્યૂઝ@રાજકોટ**

'કદમ અસ્થિર હો એને કદી રસ્તો જડતો નથી, અડગ મનનાં મુસાફરને હિમાલય પણ નડતો નથી'' - શૂન્ય પાલનપુરીની ગઝલની પંક્તિને રાજકોટ પથિકાશ્રમના મેનેજર સંજયભાઈ સોલંકી જાણે સાર્થક કરી રહ્યા છે. વર્ષ ૧૯૮૧માં જન્મેલા સંજય સોલંકીએ ૩૧ વર્ષની વયે દોડવાનું શરૂ કર્યું. અત્યાર સુધીમાં તે ૦૬ જેટલી ફુલ મેરેથોન (૪૨.૧૯૫ કિ.મી.), ૨૦થી વધુ હાફ મેરેથોન (૨૧.૦૯૭૫ કિ.મી.) ઉપરાંત ફુલ મેરેથોન જેટલા કિલોમીટરની અલ્ટ્રા રન સફળતાપૂર્વક પૂર્ણ કરી ચૂક્યા છે.૪૫ વર્ષીય સંજયભાઈ સોલંકી ફિટનેસની 'મેરેથોન મિસાલ' સમાન છે. રનિંગ ક્યારથી શરૂ કર્યું? એ વિશે સંજયભાઈ સોલંકી જણાવે છે કે, ફિટનેસ માટે કંઈક કરવું જોઈએ એવું સતત થતું રહેતું. રનિંગ વધારે ગમતું એટલે વર્ષ ૨૦૧૨માં દોડવાનું શરૂ કર્યું. શરૂઆતમાં ૪૦૦ મીટર સુધી દોડી શકાતું. પછી ધીમે ધીમે અભ્યાસ વધારતો ગયો. વર્ષના અંતે ૮-૯ કિ.મી. સુધી પહોંચવું એવો ટાર્ગેટ નક્કી કર્યો હતો અને એ હાંસલ કર્યો. પછી હાફ મેરેથોન દોડવાનો લક્ષ્ય રાખ્યો અને વર્ષ ૨૦૧૬માં રાજકોટમાં પ્રથમ હાફ મેરેથોન દોડ્યો હતો. પોતાની સફળતાઓ વિશે વાત કરતા તેમણે ઉત્સાહ સાથે કહ્યું કે, વર્ષ ૨૦૧૭માં રાજકોટમાં પ્રથમ ફુલ મેરેથોન દોડ્યો. એ સમયે ૩૭ વર્ષની વય હતી. એ પછી વિવિધ દોડની સ્પર્ધાઓમાં ભાગ લેતો રહ્યો. અત્યાર સુધીમાં ૦૬ જેટલી ફુલ મેરેથોન સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. જેમાં વર્ષ ૨૦૧૭માં રાજકોટ મેરેથોન, વર્ષ ૨૦૨૪માં અદાણી અમદાવાદ મેરેથોન, વર્ષ ૨૦૨૫માં અદાણી અમદાવાદ મેરેથોન, વર્ષ ૨૦૨૫માં ટાટા મુંબઈ મેરેથોન તથા વર્ષ ૨૦૨૬માં ટાટા મુંબઈ મેરેથોન સહિતનો સમાવેશ થાય છે.દોડમાં પોતાના જ બેસ્ટ રેકોર્ડ અંગે સંજયભાઈ કહે છે કે, વર્ષ નવેમ્બર-૨૦૨૫માં અદાણી અમદાવાદ મેરેથોન ૪ કલાક ૪૭ મિનિટમાં પૂર્ણ કરીને મારા જ અગાઉના રેકોર્ડ મેં તોડ્યા હતા. જ્યારે પાંચેક વર્ષ અગાઉ વડોદરામાં હાફ મેરેથોન ૧ કલાક ૫૭ મિનિટ જેટલા સમયમાં પૂર્ણ કરી હતી.

સંજયભાઈના જણાવ્યા પ્રમાણે, તેઓ અત્યાર સુધીમાં ૨૦થી વધુ હાફ મેરેથોન દેશના વિવિધ શહેરોમાં દોડી ચૂક્યા છે. અત્યારે પણ સંજયભાઈ રોજ સવારે એકાદ કલાકમાં ૧૦ કિ.મી. જેટલું દોડે છે અને રવિવારે રજાના દિવસે એક્સ્ટ્રા રન કરે છે.સંજયભાઈ સોલંકી પોતે સર્કિટ હાઉસની ફરજમાં જોડાયા એ અગાઉ મ્યુઝિક ટીચર હતા. તેઓ તબલાં વિશારદ છે અને અમદાવાદથી ગિટાર વગાડવાનું પણ શીખ્યા છે. ફુરસતના સમયમાં રાતે તેઓ ગિટારની મધૂર ધૂનો છેડતાં સંગીતના આનંદમાં ડૂબી જાય છે. સંજયભાઈ કહે છે કે, સંગીતથી મન એકદમ આનંદિત થઈ જાય છે. કામનો થાક અને સ્ટ્રેસ દૂર થઈ જાય છે.

## રાજકોટના સંજય સોલંકીની સિદ્ધિઃ મુંબઈ-અમદાવાદ મેરેથોનમાં ફુલ રન પૂર્ણ



# બહેન

## મમતાનું બીજું નામ...

## જ્યારે સંજોગો બહેનને માં બનાવી દે છે..



**ડૉ. વનિતા રાઠોડ**
**રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષક**

નેપાળમાંથી સામે આવેલો એક વીડિયો હજારો લોકોની આંખો ભીની કરી જાય એવો છે. આ વીડિયો છે નવમા ધોરણમાં અભ્યાસ કરતી અસ્મિતા તામાંગનો. અસ્મિતાની માતાનું અવસાન થઈ ચૂક્યું છે. પિતા પરિવારનું ગુજરાન ચલાવવા માટે કામે જાય છે. ઘરમાં દોઢ વર્ષનો નાનકડો ભાઈ છે. તેને સાચવવાનું કોણ? આ પ્રશ્નનો જવાબ ખુદ અસ્મિતા બની છે. તે પોતાના નાનકડા ભાઈને ખોળામાં લઈને શાળાએ જાય છે, તેને સંભાળે છે અને સાથે પોતાનો અભ્યાસ પણ કરે છે.

વીડિયોમાં જ્યારે શિક્ષકે તેની પરિસ્થિતિ વિશે પૂછ્યું, ત્યારે અસ્મિતાની આંખોમાંથી આંસુઓની ધાર વહેવા લાગી. એ આંસુઓમાં માતાના વિયોગનું દુખ હતું, નાની ઉંમરે આવી પડેલી જવાબદારીઓનો ભાર હતો અને પોતાના ભાઈ પ્રત્યેના અપાર પ્રેમની લાગણી હતી. જે ઉંમરે બાળકો રમતાં-કૂદતાં અને પોતાના સપનાઓ ગૂંથતાં હોય છે, એ ઉંમરે અસ્મિતા પોતાના ભાઈ માટે માતાની ભૂમિકા નિભાવી રહી છે. તે માત્ર બહેન નથી રહી, પરંતુ પોતાના ભાઈ માટે મમતા, હૂંફ અને સુરક્ષાનું છત્ર બની ગઈ છે.

કહેવાય છે કે "માતા પછી જો કોઈ નિસ્વાર્થ પ્રેમ કરે, તો તે બહેન છે." અસ્મિતાએ આ વાતને સાચી સાબિત કરી છે. માતા ન હોય ત્યારે ઘણી વખત મોટી બહેન જ પોતાના નાના ભાઈ-બહેનો માટે માતા બની જાય છે. તે તેમને સાચવે છે, તેમના આંસુ લૂછે છે, તેમની ચિંતા કરે છે અને દરેક સંજોગોમાં તેમની સાથે ઊભી રહે છે. અસ્મિતાની કહાની આપણને શીખવે છે કે પ્રેમ અને જવાબદારીની કોઈ ઉંમર હોતી નથી. નાની ઉંમરની આ દીકરીએ જે હિંમત, ત્યાગ અને કર્તવ્યનિષ્ઠા દર્શાવી છે, તે સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ છે.

સાચે જ, બહેન ભગવાનનો સૌથી સુંદર આશીર્વાદ છે. બહેન માત્ર એક સંબંધ નથી, પરંતુ મમતાનો સાગર, ત્યાગની મૂર્તિ અને પ્રેમનું જીવંત સ્વરૂપ છે. અસ્મિતાના આંસુઓ માત્ર તેની વ્યથા નથી કહેતા, પરંતુ દુનિયાની એવી અસંખ્ય બહેનોની કહાની કહે છે, જેઓ પોતાના પરિવાર માટે પોતાના બાળપણનો પણ ત્યાગ કરી દે છે.આવી દીકરીઓને હૃદયપૂર્વક વંદન. તેમનો સંઘર્ષ, તેમનો પ્રેમ અને તેમનું સમર્પણ માનવતાનું સૌથી સુંદર સ્વરૂપ છે.






**સિટી ન્યૂઝ@રાજકોટ**

ભારતીય સંસ્કૃતિ અને પરંપરામાં ટ્રાન્સજેન્ડર (કિન્નર) સમુદાયનું એક વિશિષ્ટ અને આદરણીય સ્થાન છે. સદીઓ જૂની ધાર્મિક અને આધ્યાત્મિક માન્યતાઓના કારણે લગ્નપ્રસંગ અને બાળજન્મ જેવા શુભ અવસરોએ તેમને આમંત્રિત કરવામાં આવે છે, જ્યાં તેઓ શુકન મેળવે છે અને પરિવારને આશીર્વાદ આપે છે.જ્યોતિષ શાસ્ત્ર અનુસાર, કિન્નર સમુદાયનો સંબંધ નવગ્રહોમાં સામેલ બુધ ગ્રહ સાથે માનવામાં આવે છે.બુધને જ્યોતિષમાં તટસ્થ અને સંતુલનનો ગ્રહ ગણવામાં આવે છે. એવી માન્યતા છે કે કિન્નરોના આશીર્વાદમાં બુધ ગ્રહની સકારાત્મક ઉર્જા સમાયેલી હોય છે, જે વ્યક્તિના જીવનમાં વેપાર-રોજગારની પ્રગતિ, સુખ, સમૃદ્ધિ અને શાંતિ લાવે છે. પરંપરા અનુસાર, લગ્ન સમયે નવવધૂને અખંડ સૌભાગ્યના અને બાળકના જન્મ સમયે નવજાત શિશુને દીર્ઘાયુષ્યના આશીર્વાદ આપવા કિન્નરો આવે છે. તેઓ મંગળ ગીતો ગાઈને, નૃત્ય કરીને અને અનોખી શૈલીમાં પોતાની ખુશી વ્યક્ત કરે છે. શુભ પ્રતીક તરીકે તેમને અનાજ, કપડાં કે નાણાં (દક્ષિણા) આપવામાં આવે છે. આ શુકન માત્ર તેમનું આજીવિકાનું સાધન નથી, પરંતુ તેમના પ્રત્યે આદર પ્રગટ કરવાનું એક માધ્યમ છે. એવી દ્રઢ માન્યતા છે કે હૃદયપૂર્વક આપેલા તેમના આશીર્વાદ ક્યારેય ખાલી જતા નથી. ટ્રાન્સજેન્ડર સમુદાય માત્ર ધાર્મિક વિધિઓ પૂરતો સીમિત નથી, પરંતુ તે આપણી સામાજિક સમાનતા અને માનવતાનું એક મહત્વપૂર્ણ પ્રતીક છે. ભલે તેઓ સામાન્ય સમાજથી થોડા અલગ રહેતા હોય, પણ આપણા દરેક મંગળ કાર્યમાં તેમની હાજરી અનિવાર્ય ગણાય છે. પ્રભુ શ્રી રામ દ્વારા અપાયેલું વરદાન આજે પણ જીવંત છે, જે આપણા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાનો એક અનિવાર્ય હિસ્સો છે. તેમના પ્રત્યે સહાનુભૂતિ અને આદર જાળવવો એ દરેક સભ્ય સમાજની ફરજ છે.

## શ્રી રામે કિન્નરોને વરદાન આપ્યું હતુંઃ કળિયુગમાં શુભ પ્રસંગોએ તમારા આશીર્વાદ ફળદાયી નીવડશે

કિન્નર સમુદાયને મળેલા આશીર્વાદ પાછળ રામાયણ કાળની એક અત્યંત ભાવુક કથા જોડાયેલી છે. જ્યારે ભગવાન શ્રી રામ ૧૪ વર્ષના વનવાસ માટે નીકળ્યા, ત્યારે અયોધ્યાના તમામ નાગરિકો પણ તેમની પાછળ ચાલવા લાગ્યા હતા. તમસા નદીના કિનારે પહોંચીને શ્રી રામે સૌને સંબોધતા કહ્યું, "અયોધ્યાના તમામ નર અને નારીઓ (પુરુષો અને સ્ત્રીઓ) પોતાના ઘરે પરત ફરે." ભગવાનની આ આજ્ઞા માનીને સૌ પરત ફર્યા, પરંતુ કિન્નરો (જે ન તો પુરુષોમાં ગણાતા હતા કે ન તો સ્ત્રીઓમાં) ત્યાં જ ઊભા રહ્યા. જ્યારે ભગવાન રામ ૧૪ વર્ષનો વનવાસ પૂર્ણ કરીને પાછા ફર્યા, ત્યારે તેમણે જોયું કે કિન્નરો તે જ સ્થાને તેમની પ્રતીક્ષા કરી રહ્યા હતા. તેમની આવી અદ્ભુત ભક્તિ, ધૈર્ય અને સમર્પણ જોઈને પ્રભુ શ્રી રામ અત્યંત પ્રસન્ન થયા. તેમણે કિન્નરોને વરદાન આપ્યું કે, "કળિયુગમાં શુભ પ્રસંગોએ તમારા દ્વારા આપવામાં આવેલા આશીર્વાદ હંમેશા ફળદાયી નીવડશે અને સમાજ તમને આદરપૂર્વક શુકન આપશે."

## 3000 કરોડ ટેક્સ બાકીઃ EDના આરોપો પછી લાઈસન્સ રદ્દ

# દિલ્હીમાં એબ્સોલ્યુટ-શિવાસ-રિગલ દારૂનું વેંચાણ પર પ્રતિબંધ યથાવત

## દિલ્હી હાઈકોર્ટે ફ્રાન્સની અગ્રણી દારૂ કંપની પેરનોડ રિકાર્ડની તે અરજીને ફગાવી

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દિલ્હીમાં એબ્સોલ્યુટ વોડકા અને શિવાસ રીગલ જેવી દારૂના વેચાણ પર પ્રતિબંધ યથાવત છે. દિલ્હી હાઈકોર્ટે ફ્રાન્સની અગ્રણી દારૂ કંપની પેરનોડ રિકાર્ડની તે અરજીને ફગાવી દીધી છે, જેમાં કંપનીએ દિલ્હીમાં પોતાના ઉત્પાદનો વેચવાની પરવાનગી માંગી હતી.કંપની વર્ષ ૨૦૨૧ની દિલ્હી લિકર પોલિસી (દારૂ નીતિ) તપાસમાં આરોપી હોવાને કારણે વર્ષ ૨૦૨૩થી જ દિલ્હીના બજારમાંથી બહાર છે. દિલ્હીના અધિકારીઓએ પેરનોડ રિકાર્ડની લિકર લાઇસન્સ અરજીને ફગાવી દીધી છે. તેનું કારણ પ્રવર્તન નિર્દેશાલય (ED) દ્વારા લગાવવામાં આવેલા તે ગંભીર આરોપો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે કંપનીએ વર્ષ ૨૦૨૧માં ગેરકાયદેસર રીતે પોતાનો માર્કેટ શેર વધારવા માટે રિટેલર્સ (દારૂ વિક્રેતાઓ) સાથે મિલીભગત કરી હતી.હવે આખો વિવાદ આ વાત પર ટકેલો છે કે તપાસના દાયરામાં આવેલી આ કંપનીને દિલ્હીમાં ફરીથી કારોબાર કરવાની મંજૂરી આપી શકાય છે કે નહીં. આ અદાલતી નિર્ણય પર પેરનોડ રિકાર્ડ તરફથી હાલમાં કોઈ પ્રતિક્રિયા સામે આવી નથી. વોલ્યુમ (વેચાણની માત્રા) ના મામલે પેરનોડ માટે ભારત દુનિયાનું સૌથી મોટું બજાર છે. આ વિવાદ પહેલા કંપનીના કુલ ભારતીય વેચાણનો લગભગ ૫% હિસ્સો એકલા દિલ્હીમાંથી આવતો હતો. વર્તમાનમાં અદાલતી રેકોર્ડ અનુસાર કંપની પર લગભગ ૩,૦૦૦ કરોડની ટેક્સ લાયબિલિટી છે.પરંતુ જો કંપની આ કાનૂની લડાઈ હારી જાય છે, તો નિયમ મુજબ પેનલ્ટી (દંડ) સાથે કુલ ચુકવણી ૬૦૦ મિલિયન ડોલર એટલે કે લગભગ ૫,૭૨૫ કરોડથી વધુ થઈ શકે છે. આ મોટી રકમ કંપનીની ગયા વર્ષની ભારતીય આવક (૨.૯ બિલિયન ડોલર અથવા લગભગ ૨૭,૬૭૬ કરોડ)નો પાંચમો ભાગ અને તેના કુલ નફાના ત્રણ ગણી છે.




### વ્હિસ્કીની સાચી ઉંમર છુપાવી, ૨,૯૯૬ કરોડનો ટેક્સ બાકી.

દારૂ નીતિ વિવાદ ઉપરાંત પેરનોડ રિકાર્ડ ભારતીય ટેક્સ અધિકારીઓ સાથે પણ મોટા કાનૂની વિવાદમાં ફસાયેલી છે. રોઇટર્સના એક અહેવાલ મુજબ, ભારતીય તપાસકર્તાઓએ નિષ્કર્ષ કાઢ્યો છે કે કંપનીએ તેની સ્કોચ વ્હિસ્કીના આયાતની સાચી ઉંમર અને કમ્પોઝિશન (મિશ્રણની જાણકારી)ને જાણીજોઈને છુપાવી હતી. આવું એટલા માટે કરવામાં આવ્યું જેથી આયાતી માલની અસલી કિંમત ઓછી બતાવી શકાય અને ઓછી કસ્ટમ ડ્યુટી ચૂકવવી પડે. આ ખુલાસા પછી ફ્રાન્સની આ કંપનીને ૩૧૪ મિલિયન ડોલર એટલે કે લગભગ ૨,૯૯૬ કરોડનો પાછલો બાકી ટેક્સ ચૂકવવા માટે કહેવામાં આવ્યું છે.

# દિલ્હીમાં 5 માળની ઈમારત ધરાશાયીઃ 6 લોકોનાં મોત

## નીચે દટાયેલા 12 મેડિકલ વિદ્યાર્થીનું રેસ્ક્યુઃ 2ની હાલત ગંભીર






**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દિલ્હીના સાકેત વિસ્તારમાં પાંચ માળની ઈમારત ધરાશાયી થવાનો વીડિયો રવિવારે સામે આવ્યો છે. શનિવારે સાંજે થયેલા આ અકસ્માતમાં ૬ લોકોના મોત થયા છે.પોલીસ અને બચાવ ટુકડીઓએ કાટમાળ નીચે દટાયેલા ૧૨ લોકોને બચાવ્યા, જેમાંથી ૧૦ ઘાયલોને AIIMS ના ટ્રોમા સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા છે. ૨ લોકોની હાલત ગંભીર છે.દક્ષિણ દિલ્હી જિલ્લાના ડીસીપી અનંત મિત્તલે જણાવ્યું કે જ્યાં કાટમાળ પડ્યો હતો, ત્યાં મેડિકલ વિદ્યાર્થીઓની કેન્ટીન હતી. જેના કારણે ઘણા વિદ્યાર્થીઓ કાટમાળ નીચે દટાઈ ગયા હતા. ઘાયલોને ઝડપથી હોસ્પિટલ પહોંચાડવા માટે ગ્રીન કોરિડોર બનાવવામાં આવ્યો હતો. NDRF, DDMA, ફાયર સર્વિસ અને દિલ્હી પોલીસ સંયુક્ત રીતે હજુ પણ રાહત અને બચાવ અભિયાન ચલાવી રહ્યા છે.

## સંગીત જગતમાં શોક : સુમન કલ્યાણપુરનું નિધન

# 'આજ કલ તેરે મેરે પ્યાર કે ચર્ચે' ગીતની ગાયિકાનું નિધન

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**



જાણીતા અને દિગ્ગજ ગાયિકા સુમન કલ્યાણપુરનું રવિવારે સાંજે મુંબઈમાં ૮૯ વર્ષની વયે તેમના નિવાસસ્થાને નિધન થયું. રિપોર્ટ્સ અનુસાર, તેમના મૃત્યુનું કારણ ઉંમર સંબંધિત સમસ્યાઓ હતી. તેમના નજીકના મિત્ર મંગલા ખાડિલકરે જણાવ્યું કે સુમનજીએ રાત્રે લગભગ ૮ વાગ્યે અંતિમ શ્વાસ લીધા. તેઓ છેલ્લા કેટલાક દિવસોથી પોતાના જ ગાયેલા ગીતો સાંભળી રહ્યા હતા અને તેમણે ખૂબ શાંતિથી દુનિયાને અલવિદા કહ્યું.સોમવારે સવારે લગભગ ૧૧:૩૦ થી ૧૨ વાગ્યાની વચ્ચે પવન હંસ સ્મશાનગૃહમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે. તેમના પરિવારમાં તેમની પુત્રી ચારુ છે. તેમને ૨૦૨૩માં પદ્મ ભૂષણ મળ્યો હતો. સુમન કલ્યાણપુરે ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકામાં પોતાના સુરીલા અવાજથી સંગીત જગતમાં એક ખાસ ઓળખ બનાવી હતી.

**જેબ પર હૂમલો** ખાવા-પીવાની વસ્તુઓ અને પર્સનલ કેર પ્રોડક્ટ્સ મોંઘા થશે

# રસોડાથી બાથરૂમ સુધી મોંઘવારી

## પામ ઓઈલ, ફૂડ અને પેકેજિંગજી કોસ્ટ વધી શેમ્પૂની બોટલ, ડિટર્જન્ટ પેકેજિંગમાં વપરાતા પ્લાસ્ટિકની કિંમતો 56% સુધી વધી

## કંપનીઓ પર કાચા માલના ખર્ચનું દબાણ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

આવનારા દિવસોમાં રોજિંદા વપરાશની આવશ્યક વસ્તુઓ મોંઘી થઈ શકે છે. સિસ્ટમેટિક્સ રિસર્ચના રિપોર્ટ અનુસાર, કાચા માલની વધતી કિંમતોને કારણે કંપનીઓ સતત મોંઘવારીના દબાણ હેઠળ છે, જેના કારણે તેઓ પોતાની પ્રોડક્ટ્સના ભાવ વધારી શકે છે. રિપોર્ટમાં જણાવાયું છે કે અલગ-અલગ કેટેગરીની કંપનીઓએ છેલ્લા એકથી બે મહિનામાં જ પોતાની પ્રોડક્ટ્સની કિંમતોમાં સરેરાશ ૩% થી ૭% સુધીનો વધારો કર્યો છે. તેનું મુખ્ય કારણ એ છે કે કંપનીઓની રો મટિરિયલ બાસ્કેટની કિંમતમાં સરેરાશ લગભગ ૧૦% નો વધારો થયો છે. ઇનપુટ કોસ્ટમાં થયેલા આ વધારાની ભરપાઈ કરવા માટે કંપનીઓ કિંમતો વધારવાની સાથે-સાથે 'ગ્રામ કટ' એટલે કે પેકેટનું વજન ઘટાડવાનો રસ્તો પણ અપનાવી શકે છે.

કાચા માલની આ મોંઘવારીની અસર માર્ચ ક્વાર્ટર (Q૪FY૨૬)માં જ દેખાવા લાગી હતી, જ્યારે મોટી કંપનીઓનું ગ્રોસ માર્જિન ઘટ્યું હતું. વાર્ષિક ધોરણે તે ૦.૫૦% ઘટ્યું છે. આ વર્તમાન મોંઘવારીની સૌથી મોટી અસર નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ છ માસિક ગાળા (H૧FY૨૭)માં જોવા મળશે. વર્તમાન ખર્ચ વૃદ્ધિની ભરપાઈ કરવા માટે કંપનીઓ તેમના ઉત્પાદનોના




ભાવ વધારી રહી છે, જેથી તેઓ નુકસાનથી બચી શકે. પરંતુ મોંઘવારી એટલી વધારે છે કે વર્ષ ૨૦૨૬-૨૭માં કંપનીઓનો કુલ નફાનો ટકાવારી (માર્જિન) ઓછો રહેવાની આશંકા છે. રિપોર્ટમાં એ પણ ચેતવણી આપવામાં આવી છે કે વધતી રિટેલ મોંઘવારીને કારણે આગામી મહિનાઓમાં વપરાશના જથ્થા (સામાનનો કુલ વપરાશ અથવા વેચાણ) પર ખરાબ અસર પડી શકે છે.

### રિટેલ મોંઘવારી વધીને 3.48% પર પહોંચી

એપ્રિલની રિટેલ મોંઘવારી વધીને ૩.૪૮% પર પહોંચી ગઈ છે. આ પહેલા માર્ચમાં તે ૩.૪૦% હતી. મોંઘવારી વધવાનું સૌથી મોટું કારણ ખાવા-પીવાની વસ્તુઓના ભાવમાં વધારો થવો છે. ફૂડ ઇન્ફ્લેશન એપ્રિલમાં વધીને ૪.૨૦% પર પહોંચી ગયું. માર્ચમાં આ આંકડો ૩.૮૭% હતો.

- પેકેજિંગ મટિરિયલ (HDPE): શેમ્પૂની બોટલ, ડિટર્જન્ટ કન્ટેનર અને ફ્લેક્સિબલ પેકેજિંગમાં વપરાતા પ્લાસ્ટિક (HDPE)ની કિંમતો ૫૬% સુધી વધી ગઈ છે.
- ક્રૂડ અને પામ ઓઈલ: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ વચ્ચે બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમતો ૩૨% સુધી ઉછળી ગઈ છે. જ્યારે પામ ઓઈલના ભાવમાં પણ ૧૧%નો વધારો થયો છે.

**મોંઘવારી સાથે જૂન મહિનાની શરૂઆત**

# કોમર્શિયલ સિલીન્ડરમાં આજથી 53.50 રૂપિયાનો ભાવ વધારો

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

કોમર્શિયલ સિલિન્ડર આજથી એટલે કે ૧ જૂનથી ૫૩.૫૦ રૂપિયા સુધી મોંઘો થયો છે. દિલ્હીમાં તે ૩૧૧૩.૫૦ રૂપિયામાં મળી રહ્યો છે. ૫ કિલોના LPG સિલિન્ડરની કિંમતોમાં ૧૧ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ વધારા પછી હવે આ સિલિન્ડરની કિંમત ૮૨૧.૫૦ રૂપિયા થઈ ગઈ છે. આ ઉપરાંત પેટ્રોલ, ડીઝલ અને ATF, એટલે કે વિમાનના ઈંધણ પર નવી નિકાસ ડ્યુટી આજથી લાગુ થઈ ગઈ છે.

FTL સિલિન્ડરની કિંમત ૧૧ રૂપિયા વધીને ૮૨૧.૫૦ રૂપિયા થઈ ગઈ છે. અગાઉ તેની કિંમત ૮૧૦.૫૦ રૂપિયા હતી. ૫ કિલોના ઘરેલુ સિલિન્ડરના ભાવ ૩૩૯ રૂપિયા પર સ્થિર છે. FTL સિલિન્ડરને છોટુ સિલિન્ડર પણ કહેવાય છે, જેને કોઈપણ એડ્રેસ પ્રૂફ વગર લઈ શકે છે. તેનો ઉપયોગ મોટાભાગે પ્રવાસી મજૂરો, વિદ્યાર્થીઓ અથવા નાના દુકાનદારો કરે છે.

તેલ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સિલિન્ડર ૫૩.૫૦ રૂપિયા સુધી મોંઘો કર્યો છે. દિલ્હીમાં તેની કિંમત ૩૧૧૩.૫૦ થઈ ગઈ છે. પહેલા તે ૩૦૭૧.૫૦ માં મળતો હતો. કોમર્શિયલ સિલિન્ડરના ભાવ વધવાથી રેસ્ટોરન્ટ માલિકોનો ખર્ચ વધશે. આવી સ્થિતિમાં તેઓ ચા, નાસ્તો અને થાળી મોંઘા કરી શકે છે. લગ્નોની કેટરિંગ પણ મોંઘી થઈ શકે છે.

કેન્દ્ર સરકારે પેટ્રોલ, ડીઝલ અને હવાઈ જહાજના ઈંધણ પર એક્સપોર્ટ ડ્યુટી ઘટાડી દીધી છે. નવા દરો આજ ૧ જૂનથી લાગુ પડી ગયા છે. પેટ્રોલની નિકાસ પર ૧.૫ રૂપિયા પ્રતિ લિટર ડ્યુટી નક્કી કરવામાં આવી છે. ડીઝલની નિકાસ પર ૧૩.૫ રૂપિયા પ્રતિ લિટર ડ્યુટી રાખવામાં આવી છે. હવાઈ જહાજના ઈંધણની નિકાસ પર ૯.૫ રૂપિયા પ્રતિ લિટર ડ્યુટી નક્કી કરવામાં આવી છે. આ એક પ્રકારનો ટેક્સ છે જે સરકાર દેશની બહાર વેચવામાં આવતી વસ્તુઓ પર લગાવે છે. ટેક્સ ઓછો થવાથી રિફાઈનરી કંપનીઓને વધુ નફો થશે. ઘરેલું પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર થશે નહીં.



- કોમર્શિયલ સિલિન્ડર 53.50 રૂપિયા સુધી મોંઘો
- પેટ્રોલ, ડીઝલ અને ATF પર એક્સપોર્ટ ડ્યુટી ઘટી
- HDFC બેંકમાં નાના UPI ટ્રાન્ઝેક્શન પર SMS એલર્ટ બંધ થશે
- સબસિડીવાળા સોલર પેનલ પર કડક નિયમો

# 200 કરોડની ખંડણી કેસમાં જેકલીન સામે પૂરતા પૂરાવાઃ કોર્ટ

## કોર્ટે કહ્યું, સુકેશ–લીના સહિત 17 શખ્સો પર ચાર્જ ફ્રેમ થશે



સિટી ન્યૂઝ@નવીદિલ્હી

૨૦૦ કરોડ રૂપિયાની કથિત ઉચાપત અને તેની સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં જેકલીન ફર્નાન્ડિસની મુશ્કેલીઓ વધી ગઈ છે. દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે કહ્યું કે, આરોપો ઘડવા માટે પૂરતી સામગ્રી ઉપલબ્ધ છે. કોર્ટે સુકેશ ચંદ્રશેખર, લીના મારિયા પોલ, જેકલીન ફર્નાન્ડિસ સહિત અન્ય આરોપીઓ વિરુદ્ધ મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (PMLA) કેસમાં આરોપો ઘડવાનો આદેશ આપ્યો છે.ANI અનુસાર, વધારાના સત્ર ન્યાયાધીશ (ASJ) પ્રશાંત શર્માએ જણાવ્યું કે, રેકોર્ડ પર ઉપલબ્ધ સામગ્રીના આધારે તમામ આરોપીઓ વિરુદ્ધ પ્રથમ દૃષ્ટિએ મજબૂત શંકા ઊભી થાય છે. તેથી, તેમની વિરુદ્ધ PMLAની કલમ ૩ હેઠળ આરોપો ઘડવા જોઈએ, જેની સજા કલમ ૪ માં નિર્ધારિત છે.

જેકલીનને ઠગ સુકેશે કરોડો રૂપિયાની મોંઘી જ્વેલરી, ચાર પર્શિયન બિલાડીઓ, ૫૭ લાખ રૂપિયાનો એક ઘોડો, બહેરીનમાં રહેતા જેકલીનના માતા-પિતાને ૧.૮૯ કરોડ રૂપિયાની બે ગાડીઓ (પોર્શ અને મસેરાટી),જેકલીનના ભાઈને SUV અને જેકલીનની બહેનને સવા કરોડની BMW કાર ગિફ્ટ કરી છે.કોર્ટે આરોપો પર ઔપચારિક હસ્તાક્ષર માટે કેસને ૩ જૂને સૂચિબદ્ધ કર્યો છે. તમામ આરોપીઓને બપોરે ૨ વાગ્યે વ્યક્તિગત રીતે કોર્ટમાં હાજર રહેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. આ કેસ ઉદ્યોગપતિ અદિતિ સિંહ પાસેથી કથિત ૨૦૦ કરોડ રૂપિયાની ખંડણી સાથે સંબંધિત છે. દિલ્હી પોલીસે તેમની ફરિયાદ પર કેસ દાખલ કર્યો હતો.



### વજન વધવાથી સફળતા ઓછી થતી નથી

# કાનમાં ઐશ્વર્યાની બોડી શેમિંગ ભડકી માધુરી દીક્ષિત



સિટી ન્યૂઝ@નવીદિલ્હી

કાન ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૬માં ઐશ્વર્યા રાય બચ્ચનના લુકને લઈને સોશિયલ મીડિયા પર થયેલા ટ્રોલ અને બોડી શેમિંગ પર એક્ટ્રેસ માધુરી દીક્ષિતે વાંધો ઉઠાવ્યો છે. ન્યૂઝ એજન્સી PTI સાથે વાતચીતમાં માધુરીએ કહ્યું કે ઐશ્વર્યા એક ગ્લોબલ સ્ટાર છે અને તેણે પૂર્વ મિસ વર્લ્ડ તરીકે દેશનું નામ રોશન કર્યું છે.કોઈપણ મહિલાની સફળતાને તેના વજન, ડ્રેસ સાઈઝ કે ઉંમરથી આંકી શકાય નહીં. આ પ્રસંગે માધુરી સાથે હાજર એક્ટ્રેસ તૃપ્તિ ડિમરીએ પણ ઐશ્વર્યા રાય અને અનન્યા પાંડેને સપોર્ટ કર્યો છે. માધુરી દીક્ષિત અને ઐશ્વર્યા રાયે સુપરહિટ ફિલ્મ 'દેવદાસ'માં સાથે કામ કર્યું હતું. માધુરીએ મહિલાઓને તેની સિદ્ધિઓને બદલે માત્ર બાહ્ય દેખાવના આધારે જજ કરવાની સંસ્કૃતિની ટીકા કરી. તેણે કહ્યું, 'જ્યારે તમે આ પ્રકારની કોમેન્ટ કરો છો, ત્યારે આજના યુવાનોને શું મેસેજ આપી રહ્યા છો? એ જ કે તમારી કિંમત એ વાત પર છે કે તમે કેવા દેખાઓ છો, ન કે તમારી સિદ્ધિઓ પર. મને લાગે છે કે આ સંપૂર્ણપણે ખોટો મેસેજ છે. માધુરીએ કહ્યું કે ઐશ્વર્યા અંદરથી પણ એટલી જ સુંદર છે જેટલી બહારથી દેખાય છે.માધુરીની આગામી ફિલ્મ 'માં બહેન'ની કો-સ્ટાર તૃપ્તિ ડિમરીએ પણ આ મામલે પોતાનો અભિપ્રાય આપ્યો. તેણે ઐશ્વર્યાની સાથે અનન્યા પાંડેનો પણ બચાવ કર્યો. અનન્યાને તાજેતરમાં તેની ફિલ્મ 'ચાંદ મેરા દિલ'ના એક ડાન્સ સીન માટે સોશિયલ મીડિયા પર ટ્રોલ કરવામાં આવી હતી.ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બદલાતા રિવ્યુના કલ્ચર પર માધુરીએ કહ્યું કે પહેલા ફિલ્મો શુક્રવારે રિલીઝ થતી હતી અને સાંજ સુધીમાં તેના રિવ્યૂ આવતા હતા. પરંતુ હવે ડિજિટલ મીડિયાને દરેક નાની વસ્તુ માટે કન્ટેન્ટ જોઈએ છે, તેથી ફિલ્મ શરૂ થતા જ કોમેન્ટ્સ આવવા લાગે છે.

## અમૃતસરની ચોંકાવનારી ઘટના

# સ્કૂલ ફી માટે માનસિક ત્રાસથી કંટાળી વિદ્યાર્થીનીનો આપઘાત




## મારા મૃત્યુ માટે શાળા સંચાલન જવાબદાર : વિદ્યાર્થીની

- સ્કૂલ ફીની ચુકવણી બાબતે સતત દબાણ કરવામાં આવતું હતું
- માનસિક ત્રાસ સહન ન થતાં કર્યુ આપઘાત
- સૂસાઇડ નોટમાં પ્રિન્સિપાલ પર ગંભીર આરોપ
- આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી

## વાલીઓમાં રોષ, કડક કાર્યવાહીની માંગ

**સિટી ન્યૂઝ@પંજાબ**

અમૃતસરમાં ૧૨મા ધોરણની એક વિદ્યાર્થીનીએ ઝેરી પદાર્થ ગળી લીધો. તબિયત લથડતા પરિવારજનો તેને હોસ્પિટલ લઈ ગયા, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું. મૃત્યુ પહેલા વિદ્યાર્થીનીએ હોસ્પિટલમાં એક વીડિયો પણ બનાવ્યો હતો.જેમાં તેણે કહ્યું કે તેને સ્કૂલ ફી માટે ખૂબ જ માનસિક ત્રાસ આપવામાં આવ્યો હતો. આ માટે પ્રિન્સિપાલ તેને અલગ રૂમમાં પણ લઈ ગયા હતા. તેનાથી તે પરેશાન હતી, તેથી તેણે આ પગલું ભર્યું છે.મૃતકની ઓળખ ૧૭ વર્ષીય અમજોત કૌર તરીકે થઈ છે, જે અમૃતસરમાં ૮૮ ફીટ રોડ વિસ્તારની રહેવાસી હતી. તે તેની માસી સરબજીત કૌર પાસે રહીને અભ્યાસ કરી રહી હતી. હાલ પોલીસ હવે આ મામલે તપાસ કરી રહી છે.વિદ્યાર્થીનીએ મૃત્યુ પહેલા બનાવેલા વીડિયોમાં શાળા સંચાલન પર આરોપ લગાવ્યા હતા. તેણે કહ્યું કે ૧૧ મેના રોજ મને શાળાએ બોલાવવામાં આવી હતી, જ્યાં મને ખૂબ માનસિક ત્રાસ આપવામાં આવ્યો હતો. તેને ક્લાસના ગ્રુપમાંથી પણ હટાવી દેવામાં આવી હતી. તેને અલગ રૂમમાં લઈ જઈને વાત કરવામાં આવી હતી.

વિદ્યાર્થીનીએ વીડિયોમાં આગળ કહ્યું કે તેની વર્તમાન સ્થિતિ માટે શાળા સંચાલન જવાબદાર છે અને તે જીવન અને મૃત્યુ વચ્ચે સંઘર્ષ કરી રહી છે. તેણે આ મામલે માગ કરતા કહ્યું કે તેને ન્યાય મળવો જોઈએ. પરિવારજનો અનુસાર, અમજોતની શાળા ફીના લગભગ ૨૦ હજાર રૂપિયા બાકી હતા. તેમનો આરોપ છે કે ફી જમા કરાવવા માટે શાળા સંચાલન તરફથી સતત દબાણ કરવામાં આવી રહ્યું હતું.મૃતક બાળકીના માસી સરબજીત કૌરે આરોપ લગાવ્યો કે ડીડીઆઈએસ સ્કૂલ ફતેહગઢ ચૂડિયાં રોડના પ્રિન્સિપાલ શબનમ શર્મા અને ક્લાસ ટીચર આકાંક્ષા શર્મા ફીને લઈને અમજોત પર વારંવાર દબાણ કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે સ્કૂલની આશરે ૨૦ હજાર રૂપિયાની ફી બાકી હતી. તેમણે સ્કૂલ મેનેજમેન્ટને વિનંતી કરી હતી કે તે આ રકમ હપ્તામાં જમા કરાવી દેશે.તેમણે કહ્યું કે સ્કૂલથી ઘરે પાછા ફર્યા પછી અમજોતે ૨૨ મેના રોજ ઝેર ખાઈ લીધું. બાળકીએ પોતે તેમને જણાવ્યું હતું કે તે સ્કૂલના શિક્ષકોથી પરેશાન થઈને આ પગલું ભરી રહી છે. વિદ્યાર્થીનીનું ગઈકાલે (30 મે) સાંજે મૃત્યુ થયું હતું, જેના પછી આજે (૩૧ મે) મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું.આ મામલે સ્કૂલ પ્રિન્સિપાલ શબનમ શર્મા સાથે ફોન પર વાત કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેમનો નંબર બંધ આવી રહ્યો હતો. આ પછી અમે તેમના વોટ્સએપ પર પણ મેસેજ કર્યા, પરંતુ કોઈ જવાબ મળ્યો નહીં. પ્રિન્સિપાલ સાથે વાત થયા પછી અમે સમાચારમાં તેમનો પક્ષ અપડેટ કરીશું. ચોકી વિજય નગર પોલીસ સ્ટેશન સદરના ASI હરજિંદર સિંહે જણાવ્યું કે તેમને હોસ્પિટલમાંથી માહિતી મળી હતી કે ૧૭ વર્ષની છોકરી અમરજોત કૌરે ઝેરી પદાર્થ ગળી લીધો છે. તેનું મૃત્યુ થયું છે. છોકરી ડીડીઆઈએસ સ્કૂલની વિદ્યાર્થીની હતી. તેને સ્કૂલ તરફથી પરેશાન કરવામાં આવી રહી હતી. હવે પરિવારના નિવેદનો લખવામાં આવી રહ્યા છે, જે પણ નવેદનો હશે, તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

# ગોપાલ તારા જામીન થઈ જાય પણ તને કામ આપીશ સારો માલ મળશે: એક કેદીએ કહ્યું




જેલમાં આવી ગયેલા ગોપાલને લાગી રહ્યું હતું કે, જિંદગી હવે તેની ઈચ્છા પ્રમાણે ચાલી રહી છે. પણ એવું ક્યારેય કોઈની જિંદગીમાં થતું નથી. જિંદગી પોતાની રીતે પોતાની ઈચ્છાથી માણસને રમત રમાડતી હોય છે. માણસની સ્થિતિ કઠપૂતળીની ઢીંગલી જેવી હોય છે.


જેલમાં રહેલા સલીમને પહેલેથી એકલા રહેવાની અને પોતાની જાત સાથે જ વાત કરવાની ટેવ હતી. જેથી તેને એકલતા સાલતી નહોતી. સલીમને દરેક સ્થિતિમાં પોતાની જિંદગીને ઢાળી લેવાની ટેવ હતી. તેની પાસે જિંદગીનું કોઈ સ્વપ્ન પણ નહોતું એટલે તે સવારે ઉઠે તેને જ જિંદગી માનતો હતો!

બીજી બાજુ ગોપાલની જિંદગી સ્વપ્નોથી ભરેલી હતી. તેને દિવસે પણ ખુલ્લી આંખોએ સ્વપ્ન જોવાની ટેવ હતી. તે રોજ રાહ જોતો હતો કે, આજે જામીન થશે, આવતીકાલે જામીન થશે. સલીમ પણ તેને આશ્વાસન આપતો કે, આપણા જામીન થઈ જશે. પણ સલીમને ખબર હતી કે, સ્થિતિ દેખાય છે એટલી સરળ નથી. તે કાયદો ભણ્યો નહોતો છતાં તેને જિંદગીએ ખૂબ પાઠ શીખવાડી દીધા હતા.એ દિવસે એક પાકો કેદી બેરેકમાં આવ્યો. ગોપાલને કહ્યું, “તારી મુલાકાત છે.”

ગોપાલના ચહેરા પર ખુશી દોડી આવી. તેણે માની લીધું કે, આજે જેલમાં છેલ્લો દિવસ છે. તેના જામીન થઈ ગયા છે, એવા સમાચાર લઈને જ કોઈક આવ્યું હશે. પણ સલીમ જેવું વિચારતો હતો, તેવું જ ગોવિંદપણ વિચારી રહ્યો હતો. ગોપાલનો કેસ સાંભળ્યા પછી ગોવિંદ સમજી ગયો હતો કે, જેલમાં ગોપાલનો વિસામો લાંબા સમયનો છે. આ પક્ષી જલદી અહીંયાથી બહાર જઈ શકે તેમ નથી. એટલે જ તેણે ગોપાલનો ચહેરો કરાવી ફાર્મસીમાં તેને કામ અપાવી દીધું હતું. મુલાકાત આવી છે, એવી ગોપાલને ખબર પડતા જ; તરત ઊભો થયો અને બેરેકમાં રહેલા મંદિરમાં જઈ ભગવાનને પગે લાગ્યો. દોડતો બેરેકની બહાર નીકળ્યો. જતાં જતાં સલીમને દૂરથી જ કહ્યું, “આવું છું.”ગોપાલે મુલાકાત રૂમમાં જઈને જોયું તો નિશી ઊભી હતી. તેનો ચહેરો પડેલો હતો. ગોપાલને આશ્ચર્ય થયું. તે એકદમ જાળી પાસે આવીને ઊભો રહ્યો. જાળી પકડી નિશીને પૂછ્યું, “કેમ ચહેરો પડેલો છે?”નિશી કંઈ બોલી નહીં. તેણે પોતાના હાથમાં રહેલા કાગળો બતાડ્યા. વચ્ચે જાળી હતી એટલે કાગળો અંદર આવી શકે તેમ નહોતા. ગોપાલ કંઈક વિચાર કરવા લાગ્યો. નિશી મુલાકાત રૂમમાં જે તરફ ઊભી હતી, તે તરફ નોકરી કરતો એક પાકા કામનો કેદી ઊભો હતો. ગોપાલે તેને બૂમ પાડીને બોલાવ્યો. તેને કહ્યું, “ભાઈ, આ કાગળો જોઈએ છે.” તેણે નિશીના હાથમાંથી કાગળ લીધા અને બહાર ગયો. હવે તે મેઈન ગેટથી કાગળો અંદર મુલાકાત રૂમમાં મોકલવાનો હતો.

નિશી અને ગોપાલ વચ્ચે કોઈ સંવાદ નહોતો. હજી ગોપાલના હાથમાં કાગળો આવ્યા નહોતા. તેને મામલો શું છે, તેની કંઈ જ ખબર નહોતી. કાગળોની રાહ જોતો ગોપાલ ક્યારે ભૂતકાળમાં સરી પડ્યો એની ખબર જ ન રહી.નિશીએ એની તંદ્રાવસ્થામાં ખલેલ પહોંચાડતાં પૂછ્યું, “શું વિચારે છે?”“કંઈ નહીં.” ગોપાલે નીચું જોઈને જ જવાબ આપ્યો.

નિશી વિમાસણમાં હતી કે, શું વાત કરે? કયા વિષયની વાત કરે? કદાચ ગોપાલની પણ મનોસ્થિતિ એવી જ હતી. એવામાં એક પાકા કામનો કેદી ગોપાલ પાસે આવ્યો. તેણે નિશીએ આપેલા કાગળો ગોપાલને આપ્યા.



પ્રશાંત દયાળ

કાગળોમાં શું હતું, તેની નિશીને ખબર હતી; પણ ગોપાલને ખબર નહોતી. ગોપાલે કાગળો હાથમાં લીધા અને એકદમ ઉતાવળમાં છેલ્લું પાનું ફેરવીને છેલ્લો ફકરો વાંચ્યો.

તેને લાગ્યું કે, તેના પગની તાકાત હણાઈ ગઈ છે. તે ઊભો રહી શકે તેમ નથી. તેણે લોખંડની જાળી બહુ મજબૂત રીતે પકડી રાખી. નિશી કંઈ બોલી નહીં. ગોપાલ પાસે બોલવા જેવા કોઈ શબ્દ જ નહોતા.આજુબાજુ બીજા કેદીઓ અને તેમના પરિવારજનોની વાતોનો કોલાહલ હતો. પણ નિશી અને ગોપાલના કાન ઉપર જાણે એક પણ શબ્દ પડી રહ્યા નહોતો!ત્યારે જ નિશીને એક સિપાહીએ કહ્યું, “ચાલો બહેન તમારી મુલાકાતનો સમય પૂરો થયો છે.”

નિશી કંઈ જ બોલી નહીં. તે પાછી ફરી મુલાકાત રૂમની બહાર નીકળી. તેવી જ સ્થિતિ ગોપાલની હતી. તે પણ કંઈ જ બોલ્યા વગર હાથમાં કાગળો લઈ, મુલાકાત રૂમની બહાર નીકળીને બેરેક તરફ જવા લાગ્યો. તેની ચાલની ગતિ એકદમ ધીમી હતી. તેને લાગી રહ્યું હતું કે, તેની બેરેક માઈલો દૂર છે. તે યાર્ડમાં પહોંચ્યો ત્યારે સલીમ તેને અંદર આવતો જોઈ રહ્યો હતો.

ગોપાલ પોતાના બિસ્તર પાસે પહોંચ્યો અને બિસ્તરમાં બેસી ગયો. સલીમે તેની સામે જોયું. ગોપાલે પોતાના હાથમાં રહેલા કાગળો તેની તરફ મૂક્યા. સલીમે કાગળો ઉપાડ્યા. તેણે પણ છેલ્લાં પાના પર છેલ્લે ફકરો વાંચ્યો. વાંચીને તેણે ગોપાલ સામે જોયું તો એની આંખમાંથી આંસુ વહી રહ્યા હતા. સલીમ કંઈ બોલ્યો નહીં. તેણે ગોપાલની પીઠ પર હાથ મૂકયો. સલીમની નજર બેરેકના મંદિર તરફ ગઈ, જે ભગવાનને પગે લાગીને ગોપાલ બહાર નીકળ્યો હતો! તે દિવસે ગોપાલ જમ્યો પણ નહીં.

(ક્રમશઃ)

# વાંકાનેરમાં ગર્ભવતી પત્નીને માર મારનાર પતિ સામે ફરિયાદ

**» સંતાન સાચવવાનું કહેતા ઉશ્કેરાયેલા પતિએ બાળકો સસરાના ઘરે ફેંક્યા**

**» ઈલા વાઘેલાની ફરિયાદ પરથી વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાયો**

સિટી ન્યૂઝ@વાંકાનેર



વાંકાનેર તાલુકાના ભેરડા ગામે માવતર ધરાવતી એક ગર્ભવતી મહિલાને તેના જ પતિ દ્વારા સંતાનો સાચવવા બાબતે થયેલી સામાન્ય બોલાચાલીમાં માર મારવામાં આવ્યો હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ હિંસક બનાવ અંગે ભોગ બનનાર મહિલાએ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં પોતાના પતિ વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસમાંથી મળતી માહિતી મુજબ, વાંકાનેર તાલુકાના ભેરડા ગામે માવતર ધરાવતી ૩૨ વર્ષીય ઈલા કિશોર વાઘેલા હાલ ગર્ભવતી છે. શારીરિક પરિસ્થિતિના કારણે તે પોતાની ગર્ભાવસ્થા દરમિયાન પોતાના પિતાના ઘરે રોકાવા માટે ગઈ હતી. આ દરમિયાન, ઈલાએ તેના પતિ કિશોરને તેમના ૨ સંતાનો પૈકી કોઈ એક સંતાનને સાચવવાનું કહ્યું હતું અને ઈલા જ્યારે પોતાના બંને સંતાનોને પતિના ઘરે મૂકવા ગઈ, ત્યારે મોરબી નજીક જાંબુડિયા ગામે ધર્મસિદ્ધિ સોસાયટીમાં રહેતો પતિ કિશોર રામજી વથોરા અચાનક ઉશ્કેરાઈ ગયો હતો. આરોપી પતિ કિશોર બંને સંતાનોને સાચવવાના બદલે ફરી પાછા ઈલાના પિતાના ઘરે (ભેરડા ગામે) મૂકી આવ્યો હતો. એટલું જ નહીં, ઉશ્કેરાયેલા આરોપી કિશોરે પોતાની ગર્ભવતી પત્ની ઈલાને બેફામ માર મારી શારીરિક ઈજાઓ પહોંચાડી હતી અને અત્યાચાર ગુજાર્યો હતો. ગર્ભાવસ્થામાં પત્ની પર હાથ ઉપાડવાની આ ઘટનાથી પરિવારમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આ હિંસક બનાવ અંગે ભોગ બનનાર ઈલા વાઘેલાએ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં પોતાના જ પતિ કિશોર રામજી વથોરા વિરુદ્ધ લેખિત ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપી પતિની ધરપકડ કરવા માટે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# જાલીડા હાઈવે પર ઈકોની અડફેટે બાઈક સવાર દંપતી ઘાયલ

સિટી ન્યૂઝ@વાંકાનેર

હાઈવે પર બેફામ દોડતા વાહનો નિર્દોષ વાહનચાલકો માટે કાળ સાબિત થઈ રહ્યા છે. વાંકાનેરના જાલીડા ગામના પાટીયા પાસે આવેલ દ્વારકાધીશ હોટલ નજીકથી પસાર થઈ રહેલા એક ડબલ સવારી બાઈકને ઈકો ગાડીના ચાલકે જોરદાર હડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ કરુણ બનાવમાં બાઈક સવાર દંપતીને નાની-મોટી અને ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ટંકારાના ટોળ ગામે રહેતા ૪૨ વર્ષીય ફૈજુરઅલી મામદ ગઢવાળાએ વાંકાનેર તાલુકા પોલીસ મથકે ઈકો ગાડી (GJ-03-L-૧૦૭૫) ના ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ફૈજુરઅલીના મોટાભાઈ નિઝામુદ્દીન અને ભાભી નસીમ પોતાનું મોટરસાયકલ (GJ-૩૬-Q-૨૯૮૧) લઈને ભલગામ મુકામે એક પ્રસંગમાં હાજરી આપવા માટે નીકળ્યા હતા.



બાઈક જ્યારે જાલીડા પાટીયા પાસે પહોંચ્યું ત્યારે પૂરપાટ ઝડપે આવી રહેલી ઈકો ગાડીના ચાલકે તેમના બાઈકને પાછળથી ઠોકર મારી દીધી હતી. આ અકસ્માતમાં નિઝામુદ્દીનને ડાબા પગના પંજામાં ગંભીર ફ્રેક્ચર થયું હતું તેમજ કપાળના ભાગે ઈજાઓ પહોંચી હતી. જ્યારે તેમના પત્ની નસીમને પણ પગમાં તેમજ પેટના ભાગે ગંભીર ઈજાઓ થતાં બંનેને તાત્કાલિક સારવાર હેઠળ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. વાંકાનેર પોલીસે અકસ્માત સર્જીને ભાગી છૂટેલા ઈકો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# વાંકાનેરમાં વ્યાજખોરોના ત્રાસથી કંટાળી શ્રમિકે પોલીસમાં નોંધાવી ફરિયાદ

**» મજૂરોના પગાર માટે લીધેલા રૂપિયામાં ૩ શખ્સોએ છરી બતાવી બમણી રકમ પડાવી**

**» એક શખ્સે બાળકોને મારવાની ધમકી આપી નવું બાઈક બળજબરીથી આંચકી લીધું**

**» પત્નીના ૩.૫ તોલા દાગીના હડપ કરનાર સહિત ૩ આરોપીઓ સામે ગુનો નોંધાયો**




સિટી ન્યૂઝ@વાંકાનેર

વાંકાનેર પંથકમાં વ્યાજખોરીનું દૂષણ ફરી માથું ઊંચકી રહ્યું છે. આર્થિક મજબૂરીનો ફાયદો ઉઠાવી ત્રણ વ્યાજખોરોએ એક નિર્દોષ શ્રમિકની જિંદગી નરક બનાવી દીધી હોવાની ઘટના સામે આવી છે. મજૂરોના પગાર અને બીમાર ભાઈની સારવાર માટે મજબૂરીમાં લીધેલા રૂપિયા વ્યાજના એવા અજગરભરડામાં ફેરવાઈ ગયા કે યુવાને પોતાની તમામ મૂડી ગુમાવ્યા બાદ પણ વ્યાજખોરોનો આતંક ઓછો થયો નથી. પઠાણી ઉઘરાણી અને મિલકતો પડાવી લેવાના આ ગંભીર ગુનામાં અંતે ૩ શખ્સો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

રાતાવીરડા ગામે રહેતા અને લેબર કોન્ટ્રાક્ટરનું કામ કરતા ૨૬ વર્ષીય પ્રવીણ ઉકેડીયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમણે અજય અબાસણીયા પાસેથી ૩૦ થી ૩૫ ટકાના ઊંચા વ્યાજે ૩ લાખ રૂપિયા લીધા હતા. જેની સામે આરોપીએ વ્યાજ-પેનલ્ટી ગણી ૮ લાખની માંગણી કરી હતી. પ્રવીણ જ્યારે મૂળ રકમ લઈ લેવા આજીજી કરતો હતો, ત્યારે અજયે છરીના ઘોડદા મારી દેવાની ધમકી આપીને ૫ લાખ રૂપિયા પડાવી લીધા હતા. માતબર રકમ ચૂકવાઈ ગઈ હોવા છતાં, તે વધુ ૩ લાખ માટે ઘર વેચી દેવા ધાક-ધમકીઓ આપતો હતો.

બીજા આરોપી બીજલ ઉર્ફે ભોજા ગીગોરા (રહે. લાકડધાર) એ ૧.૫૦ લાખના વ્યાજ સામે આશરે ૫ લાખ રૂપિયા વસૂલી લીધા હોવા છતાં વધુ ૧.૨૦ લાખ કઢાવવા માટે પ્રવીણ અને તેના નાના છોકરાઓને મારી નાખવાની ક્રૂર ધમકી આપી હતી. એટલું જ નહીં, આરોપીએ બળજબરીથી ૯૮૬૮૧ રૂપિયાનું નવું બાઈક હપ્તેથી ખરીદ કરાવીને પડાવી લીધું હતું.

ત્રીજા આરોપી હિતેશ પટેલ (રહે. મોરબી) એ કપટ નીતિ અપનાવીને પ્રવીણની પત્નીના બેંકમાં ગીરો પડેલા ૩.૫ તોલા સોનાના દાગીના છોડાવવા માટે વગર વ્યાજે ૩.૫૬ લાખનું ધિરાણ કર્યું હતું. પરંતુ દાગીના હાથમાં આવતા જ હિતેશે અસલી રંગ બતાવી ઊંચું વ્યાજ ગણીને કુલ ૮ લાખની માંગણી કરી સોનાના દાગીના પડાવી લીધા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ ત્રણેય વ્યાજખોરોના પિશાચી ત્રાસથી કંટાળીને આખરે યુવાને વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં ન્યાયની ગુહાર લગાવી છે. પોલીસે ગુનો નોંધીને આ ત્રણેય આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલવા માટે કાયદેસરની તજવીજ શરૂ કરી છે.

# જામનગર ભાજપ કોર્પોરેટરનો વોન્ટેડ પુત્રને ઝડપ્યો

» વાંકાનેરના 2 કરોડના દારૂ કૌભાંડમાં લાંબા સમયથી ફરાર આરોપી ચોટીલાથી પકડાયો

» વોન્ટેડ હોવા છતાં ખુલ્લેઆમ ચૂંટણી પ્રચાર અને વિજય સરઘસમાં ડાન્સ કરતો હતો

**સિટી ન્યૂઝ@જામનગર**

વાંકાનેર તાલુકાના ૨ કરોડના વિદેશી દારૂના ગુનામાં વોન્ટેડ અને અનેક ગંભીર ગુનાઓનો ઈતિહાસ ધરાવતા રીઢા ગુનેગારને રાજકોટ રેન્જ પોલીસે ચોટીલાથી દબોચી લીધો છે. ઝડપાયેલો શખ્સ જામનગર ભાજપના મહિલા કોર્પોરેટરનો પુત્ર છે. પોલીસ ચોપડે ફરાર હોવા છતાં તે ખુલ્લેઆમ ચૂંટણી પ્રચાર અને વિજય સરઘસમાં ડાન્સ કરતો જોવા મળતા સ્થાનિક પોલીસની કામગીરી અને



રાજકીય છત્રછાયા સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય દ્વારા ગંભીર ગુનામાં સંડોવાયેલા આરોપીઓને ઝડપી લેવા શરૂ કરેલી ઝુંબેશ અંતર્ગત આ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. રેન્જની ટીમે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સના આધારે વાંકાનેર તાલુકાના પ્રોહિબિશનના ગુનામાં નાસતા ફરતા આરોપી હિતેશ ઉર્ફે વાંગો નરશી બાંભણિયાને ચોટીલા ખાતે લાલા રઘુવંશી હોટલની બાજુમાં આવેલી નગીન હોટલ પાસેથી ઝડપી લીધો હતો. પોલીસે આરોપીની અટકાયત કરી વધુ કાર્યવાહી માટે તેને ચોટીલા પોલીસ સ્ટેશન ખાતે સોંપી દીધો છે.

પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે પકડાયેલો આરોપી હિતેશ ઉર્ફે વાંગો અત્યંત રીઢો ગુનેગાર છે. તેની સામે અગાઉ ૧૯ જેટલા સંગીન ગુના નોંધાયેલા છે. જેમાં હત્યાના ૨ કેસ, ખૂનની કોશિશના ૨ કેસ, ધાડ પાડવાની તૈયારીનો ૧ કેસ, મારામારીના ૬ કેસ અને જાહેરનામા ભંગના ૧ કેસનો સમાવેશ થાય છે. આ કુખ્યાત શખ્સની માતા મંજુલા બાંભણીયા જામનગરમાં ભાજપના વોર્ડ નંબર ૧૦ ના વર્તમાન કોર્પોરેટર છે.

સૌથી આઘાતજનક બાબત એ છે કે, હિતેશ સ્થાનિક પોલીસના ચોપડે વોન્ટેડ હતો, તેમ છતાં તે તાજેતરની ચૂંટણીઓ સમયે પોતાની માતા સાથે પોલીસની હાજરીમાં જ ખુલ્લેઆમ પ્રચાર કરતો જોવા મળ્યો હતો. આટલું જ નહીં, વિજય સરઘસમાં ડાન્સ કરી તેના વીડિયો ઈન્સ્ટાગ્રામ પર પણ વાયરલ કર્યા હતા. સ્થાનિક પોલીસ આ વોન્ટેડ આરોપી સામે આંખ આડા કાન કરી રહી હતી, પરંતુ રાજકોટ રેન્જની ટીમે તેને ઝડપી પાડીને સ્થાનિક તંત્રની ઢાંકપિછોડાની નીતિ ખુલ્લી પાડી દીધી છે.

# ખાનગી બસે ઠોકરે લેતા મોપેડ સવાર યુવતીનું મોત

## વીરનગરની યુવતી મામાના ઘરે ધાર્મિક પ્રસંગમાં હાજરી આપવા આવી હતી : માતા–પુત્ર ઘાયલ : ડ્રાયવરની ધોલાઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરના જુના માર્કેટીંગ યાર્ડ પાસે વધુ એક જીવલેણ અકસ્માતનો સર્જાયો છે ખાનગી બસે મોપેડને ઠોકરે લેતા યુવતીનુ મોત થયુ હતુ જયારે તેની પિતરાઈ બહેન અને તેના બાળકને ઈજા થતા તેને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાતા આજીડેમ પોલીસે બસ ચાલકની અટકાયત કરી હતી બનાવને પગલે રોષે ભરાયેલા ટોળાએ ડ્રાયવરની ધોલાઈ કરી હતી પ્રાથમિક તપાસમાં વીરનગર રહેતી યુવતી તેના મામાના ઘરે આવી હતી માસીની પુત્રી અને તેના પાંચ વર્ષના બાળકને લઈને મોરબી રોડ ઉપર માસીના ઘેર જતા હતા. બનાવને પગલે તેના પરીવારમાં શોક છવાયો છે.

વીરનગરમાં રહેતી દિપાલીબેન અરવિંદભાઈ ચૌહાણ મોપેડમાં તેની માસીની પુત્રી કોમલબેન અને તેના પાંચ વર્ષના પુત્ર સાથે મોરબી રોડ પર માસીના ઘરે  જતી હતી ત્યારે માર્કેટીંગ યાર્ડ પાસે પુરપાટ ઘસી આવેલી ખાનગી બસે ઠોકરે લેતા દિપાલીનુ ઘટનાસ્થળે જ મોત નિપજયુ હતુ જયારે કોમલબેન અને તેના બાળકને સામાન્ય ઈજા થતા તેને સારવાર માટે હોસ્પીટલમાં ખસડાયા હતા. બનાવની જાણ થતા આજીડેમ પોલીસ મથકના પીએસઆઈ ગોહેલ સહીતની ટીમ દોડી ગઈ હતી અને મૃતદેહને પીએમ અર્થે સિવીલ હોસ્પીટલમાં ખસેડાયો હતો વીરનગર રહેતા દિપાલીબેન તેના મામાના ઘરે આજી ડેમ ચોકડી પાસે કથાનો પ્રસંગ હોય રાજકોટ આવ્યા હતા અને આજીડેમ ચોકડીથી તેના માસીના ઘરે મોરબી રોડ ઉપર તેના પીતરાઈ બહેન સાથે જતા હતા અને આ બનાવ બન્યો હોવાનુ બહાર આવતા પોલીસે બસ ચાલક સામે ગુનો નોધવાની કાર્યવાહી કરી છે રોષે ભરાયેલા ટોળાએ અકસ્માત સર્જનાર ડ્રાયવરની ધોલ ધપાટ કરી હતી.

# 85 હજારના દાગીના ઓળવી જનાર દંપતી સામે વધુ એક ગુનો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં ઈમિટેશન જ્વેલરીના વેપારીઓ સાથે છેતરપિંડી કરતી ગેંગ સક્રિય થઈ છે. પેડક રોડના ૧ વેપારી પાસેથી મજૂરીના બહાને ૮૫ હજારના દાગીના લઈ પરત ન આપનાર દંપતી સામે બી-ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. આ દંપતી અગાઉ ૬૦ હજારના દાગીના ઓળવી જવામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યું છે. પેડક રોડ પર ઈમિટેશન વ્યવસાય કરતા સંજય સોલંકીએ ઓમ પાર્ક પાસે રહેતા નિકુલ ચાંદેગરા અને તેની પત્ની વિશ્વા વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. દંપતીએ મજૂરી અને પેકિંગ માટે ૮૫ હજાર રૂપિયાની કિંમતના ૧૨ કિલો ૯૧૦ ગ્રામ ઈમિટેશન દાગીના લીધા હતા અને ૪ દિવસમાં પરત આપવાનો વાયદો કર્યો હતો. સમય વીતવા છતાં દંપતીએ માલ પરત ન કરતા વેપારીએ ઉઘરાણી કરી હતી. નિકુલે કહ્યું કે, "માલ પરત જોઈતો હોય તો ૧ નંગ દીઠ ૩ રૂપિયા આપવા પડશે, હું માલ પરત નહીં આપું, થાય તે કરી લેજો." નિકુલની પત્ની વિશ્વાએ પણ વેપારીને ફોન પર ધમકાવતા કહ્યું કે, "હવે ફોન કરશો તો તમારી વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરાવીશ." ગઠિયા દંપતીની ધમકી અને ૮૫ હજારનો માલ હડપ કરવાના ઈરાદાથી વેપારીએ બી-ડિવિઝન પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે દંપતી વિરુદ્ધ ગુનો નોંધી સઘન શોધખોળ શરૂ કરી છે.

# કણકોટ ગવર્મેન્ટ કોલેજ ગ્રાઉન્ડમાં આંચકીથી એન્જિ.નાં છાત્રનું મોત

**સિટી ન્યૂઝ@રાજકોટ**

કણકોટ ગામ નજીક ગવર્મેન્ટ એન્જિનિયરીંગ કોલેજના છાત્ર બગસરાના મુંજીયાસર ગામના સુમિત વિપુલભાઈ ગોંડલીયા ઉ.૨૦નું સવારે કોલેજના ગ્રાઉન્ડમાં અચાનક આંચકી ઉપડયા બાદ મોત નિપજતાં તેનાં પરિવારના સભ્યો છાત્રો અને મિત્રો આઘાતથી સ્તબ્ધ બની ગયા હતા.પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ મૃતક સુમિત કણકોટ એન્જિનિયરીંગ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો રવિવારે સવારે કોલેજના ગ્રાઉન્ડમાં તેના મિત્રો ક્રિકેટ રમતા હતા અને તે સાઈડમાં બેઠો હતો. થોડીવાર બાદ તે ઉભો થઈને થોડું ચાલ્યો ત્યાં તેને અચાનક આંચકી આવતા ઢળી પડ્યા બાદ બેભાન થઈ ગયો હતો. તે જોઈને છાત્રો સહિતના એકઠા થઈ ગયા હતા અને બાદમાં તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલે લઈ ગયા હતા. જ્યાં તબીબોએ મૃત જાહેર કર્યો હતો બનાવની જાણ થતાં પરિવારના સભ્યો રાજકોટ દોડી આવ્યા હતા આશાસ્પદ પુત્રનાં મોતના પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા રાજકોટ તાલુકા પોલીસે અકસ્માતે મોતની નોંધ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### જમવામાં કીડી નીકળતા રૂમ પાર્ટનરની હત્યા કરી નાંખી

# અમદાવાદ વટવા વિસ્તારમાં એક ફ્લેટમાં યુવકની લાશ મળી

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદના વટવા વિસ્તારમાં આવેલા એક ફ્લેટમાંથી થોડા દિવસ જૂની, હાથ-પગ બાંધેલી અને કોહવાઈ ગયેલી હાલતમાં એક યુવકની લાશ મળી આવી હતી. પોલીસની સઘન તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, માત્ર જમવામાં કીડી આવવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીમાં મૃતકના ચાર રૂમ પાર્ટનરોએ જ ભેગા મળીને તેની ઘાતકી હત્યા કરી નાખી હતી. પોલીસે ફરાર થઈ ગયેલા ચારેય આરોપીઓને ઉત્તર ભારતમાંથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વટવાના સાંતેજ હોમ્સ ફલેટના એક બંધ મકાનમાંથી ૨૭ મેની રાત્રે એક યુવકની કોહવાયેલી લાશ મળી આવતા વટવા પોલીસે તપાસ શરૂ કરી હતી. મૃતકની ઓળખ વડોદરાના વતની ઈમરાન સિંધા તરીકે થઈ હતી. પોલીસ



તપાસમાં સામે આવ્યું કે ઈમરાન આ ફ્લેટમાં ભાડે રહેતો હતો અને તેની સાથે અન્ય ૪ શખ્સો પણ રૂમ પાર્ટનર તરીકે રહેતા હતા, જેઓ હત્યા બાદથી ગાયબ હતા.

ઝોન ૮ ના ડીસીપી મયુર પાટીલે જણાવ્યું હતું કે, હ્યુમન અને ટેકનિકલ ઈન્ટેલિજન્સના આધારે પોલીસે ફરાર આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી.

પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું કે, બનાવના દિવસે રવિકુમાર અને એક કિશોરે જમવાનું બનાવ્યું હતું. જમવામાં કીડી આવતા ઈમરાને ફરિયાદ કરી હતી, જેથી તેમની વચ્ચે બોલાચાલી થઈ હતી. ઝઘડો ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા ઈમરાનની સાથે રહેતા વિરેન્દ્રસિંઘ બઘેલ, ચાંદમોહન શર્મા, રવિકુમાર સાહુ અને કિશોરે મળીને ઈમરાનના માથામાં બોથડ પદાર્થ માર્યો હતો. ઈમરાન અર્ધબેભાન થઈ જતા તેના હાથ-પગ બાંધીને મોઢામાં કપડું મૂકી દીધું હતું, જેથી ગૂંગળામણના કારણે તેનું મોત નીપજ્યું હતું.

હત્યા કર્યા બાદ ચારેય આરોપીઓ પોલીસથી બચવા જયપુર, ધોલપુર, આગ્રા, મથુરા, વૃંદાવન અને વઝીરાબાદ ભાગી ગયા હતા. ઝોન ૮ એલસીબીના PSI પી. આર. સરવૈયાની ટીમે સતત તેમનો પીછો કર્યો હતો. જ્યારે આરોપીઓ ગુરુગ્રામથી બસમાં બેસીને પરત આગ્રા તરફ જઈ રહ્યા હતા, ત્યારે પોલીસે ફિલ્મી ઢબે પલવલ પાસે બસને ઊભી રખાવી એક કિશોર સહિત ચારેય આરોપીઓને દબોચી લીધા હતા અને તેમને અમદાવાદ લાવી વટવા પોલીસને સોંપ્યા હતા.

# રાજકોટ : પોક્સો કેસમાં ચાર્જશીટ પહેલા આરોપીના જામીન મંજૂર




એડવોકેટ ગૌરાંગ રાઠોડ | એડવોકેટ કરશનભાઇ ભરવાડ | એડવોકેટ શૈલેષભાઈ વકાતર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટની સ્પેશિયલ પોક્સો કોર્ટે વિંછીયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દુષ્કર્મ અને પોક્સો એક્ટ હેઠળના ગંભીર ગુનામાં આરોપીને ચાર્જશીટ રજૂ થાય તે પહેલાં જ શરતી જામીન પર મુક્ત કરવાનો મહત્વપૂર્ણ હુકમ ફરમાવ્યો છે. બચાવ પક્ષની ધારદાર દલીલો અને સમજૂતી કરારના પુરાવાઓને આધારે કોર્ટે આ નિર્ણય લીધો છે.પોલીસની વિગતો મુજબ, વિંછીયા પોલીસ મથકમાં ગત ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(M) અને પોક્સો એક્ટની કલમ ૪ અને ૬ મુજબ ગુનો નોંધાયો હતો. આ ગુનામાં પોલીસે આરોપી મયુર કાન્તી તડવીની ધરપકડ કરી તેને જેલહવાલે કર્યો હતો.કોર્ટમાં જામીન અરજી પર સુનાવણી દરમિયાન બચાવ પક્ષના વકીલે સચોટ દલીલો કરી હતી કે, કથિત બનાવ ૪ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ બન્યો હતો, પરંતુ તે સમયે કોઈ ફરિયાદ નોંધાઈ ન હતી. વિલંબ બાદ જ્યારે ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ FIR નોંધાઈ ત્યારે ભોગ બનનાર સગીરાની ઉંમર ૧૭ વર્ષ અને ૧૧ માસ હતી. વધુમાં કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું કે, ભોગ બનનાર સગીરા અને આરોપી મયુર બંને એકસાથે રહેતા હતા. ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ બંને વચ્ચે સમજૂતી કરાર પણ થયો હતો અને તેઓ પતિ-પત્ની તરીકે જીવન વિતાવતા હતા.

બચાવ પક્ષની આ દલીલો અને રજૂ કરાયેલા પુરાવાઓને ગ્રાહ્ય રાખીને નામદાર સ્પેશિયલ પોક્સો કોર્ટે ચાર્જશીટ રજૂ થાય તે પૂર્વે જ આરોપી મયુર કાન્તી તડવીને કડક શરતોને આધીન જામીન પર મુક્ત કરવાનો આદેશ આપ્યો છે.

આ કેસમાં આરોપીના બચાવ અર્થે 'પાર્થ લો ફર્મ' ના યુવા એડવોકેટ ગૌરાંગ રાઠોડ, શૈલેષ વકાતર, કરશન ભરવાડ (મીર), સિરાજ ઘાંચી, રીના રાજપૂત અને કોમલ ચૌહાણ રોકાયા હતા. આસિસ્ટન્ટ તરીકે ટ્વિન્કલ રાઠોડ અને ધ્રુવી દલસાણીયાએ પણ કામગીરી સંભાળી હતી.



# કરણપરામાં અંબિકા ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે રાહતદરે ચોપડા-સ્ટેશનરી વિતરણ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કાર્યમાં મદદરૂપ થવાના ઉમદા હેતુથી કરણપરા ગરબી ચોક સ્થિત 'અંબિકા ટ્રસ્ટ' દ્વારા રાહતદરે ફૂલસ્કેપ ચોપડા અને બ્રાન્ડેડ સ્ટેશનરીના વિતરણનો વિશેષ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે.

આ સેવાયજ્ઞ અંતર્ગત વિદ્યાર્થીઓને ૧૫૦ પેજના A૪ સાઈઝના ફૂલસ્કેપ ચોપડા માત્ર રૂ. ૨૪ પ્રતિ નંગના રાહતદરે આપવામાં આવશે. આ ઉપરાંત ડોમ્સ, નટરાજ, અપ્સરા અને કેમલ જેવી સ્ટાન્ડર્ડ કંપનીઓની પેન, પેન્સિલ, કલર, S.S. પેન અને કંપાસ બોક્સ સહિતની તમામ શૈક્ષણિક સ્ટેશનરી પર MRP પર સીધું ૨૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

તારીખ ૨/૬/૨૦૨૬ થી ૬/૬/૨૦૨૬ મંગળવાર થી શનિવાર, સમય : સાંજે ૫ થી ૮, સ્થળ : કરણપરા ગરબી ચોક, આ કાર્યક્રમ ને સફળ બનાવવા અંબિકા ટ્રસ્ટ પરિવાર દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવે છે.

### અફવાઓથી સાવધાન ! શિક્ષણ વિભાગે સ્પષ્ટ કહ્યું ૮ જૂનથી જ નવું સત્ર

# સોશિયલ મીડિયાના મેસેજ ખોટા 8 જૂનથી જ શાળાઓ શરૂ થશે

સિટી ન્યૂઝ@રાજકોટ

ગુજરાતની શાળાઓમાં ઉનાળુ વેકેશન પૂર્ણ થવાના આરે છે. ત્યારે સોશિયલ મીડિયા પર શાળાઓ ખૂલવાની તારીખને લઈને અફવાઓનું બજાર ગરમ થયું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ જેવા કે વોટ્સએપ અને ફેસબુક પર એવા મેસેજ વાયરલ થઈ રહ્યા છે કે સરકારે વેકેશન લંબાવી દીધું છે અને હવે શાળાઓ ૧૮ જૂનથી શરૂ થશે, જેના કારણે વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ભારે અસમંજસ ઊભી થઈ છે.

શિક્ષણ વિભાગના અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે સોશિયલ મીડિયામાં ફરતા થયેલા આ મેસેજ તદ્દન ખોટા છે. શિક્ષણ વિભાગના સત્તાવાર કેલેન્ડર મુજબ



આગામી ૮ જૂનથી જ રાજ્યભરની શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થવાનો છે.

રાજ્યમાં પડી રહેલી કાળઝાળ ગરમી અને હીટવેવની સ્થિતિને ધ્યાનમાં રાખીને, શાળા સંચાલક મંડળ દ્વારા સરકાર સમક્ષ વેકેશન ૧૦ દિવસ લંબાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. જોકે, વાસ્તવિક પરિસ્થિતિ એ છે કે આ પ્રસ્તાવ હજુ પણ શિક્ષણ વિભાગ સમક્ષ માત્ર વિચારાધીન જ છે. સરકારે આ બાબતે હજી સુધી કોઈ આખરી મહોર મારી નથી કે કોઈ જ સત્તાવાર જાહેરાત કરી નથી.

સરકારની સત્તાવાર જાહેરાત વિના ફેલાઈ રહેલા ખોટા અહેવાલોથી ગેરમાર્ગે ન દોરાવા અપીલ કરવામાં આવી છે. શિક્ષણ વિભાગના અધિકારીઓનું કહેવું છે કે, જ્યાં સુધી કોઈ સત્તાવાર પરિપત્ર જાહેર ન થાય, ત્યાં સુધી ૮ જૂનથી જ સ્કૂલો શરૂ થશે તેમ જ માનવાનું રહેશે.



## બસ પોર્ટના ગોલ્ડ સ્પામાં ચાલતા કૂટણખાનાનો પર્દાફાશ કરતી પોલીસ

### એ ડિવિઝન પોલીસે અમદાવાદ, દિલ્હી, આસામ, મુંબઈની ચાર મહિલાને મુક્ત કરાવી : સંચાલક–મેનેજરની ધરપકડ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના બસ પોર્ટના ત્રીજા માળે આવેલા ગોલ્ડ સ્પામાં ધમધમતા કુટણખાનાનો એ ડિવિઝન પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે બાતમી આધારે સ્પામાં દરોડો પાડી અમદાવાદ, દિલ્હી, આસામ, મુંબઈની ચાર યુવતીઓને મુક્ત કરાવી બે મુખ્ય સંચાલકોની ધરપકડ કરી હતી સ્પા પાર્લરમાંથી બીયરના છ ટીન પણ મળી આવતા મેનેજર સામે અલગથી ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

રાજકોટમાં કરોડો રૂપિયાના ખર્ચે બનેલા બસ પોર્ટના ત્રીજા માળે ગોલ્ડ સ્પા' માં યુવતીઓને બહારથી બોલાવી દેહવ્યાપારનો ધંધો ચલાવવામાં આવી રહ્યો હોવાની બાતમી આધારે એ ડિવિઝન પોલીસના પીઆઈ જે વી વાઢીયા સહીતની ટીમે દરોડો પાડી મેનેજર નરેશ ધર્મેન્દ્રભાઈ રાણા અને સંચાલક રવી ભુપતભાઈ ખેરૈયાની ધરપકડ કરી હતી પોલીસે સ્પામાંથી મુંબઈ, દિલ્હી, આસામ અને અમદાવાદની ચાર મહિલાઓને મુક્ત કરાવી સંચાલક અને મેનેજર સામે ગુનો નોંધી બંનેની ધરપકડ કરી હતી ગ્રાહકો પાસેથી સ્પા એન્ટ્રીના નામે ૧ હજાર અને શરીર સંબંધ માટે ગ્રાહક દીઠ ૫ હજાર વસૂલતા હતા આ રકમમાંથી એક હજાર યુવતીઓને અપાતા અને બાકીના ૪ હજાર સંચાલકો રાખતા હતા પોલીસને બીયરના ૬ ટીન મળી આવતા પોલીસે મેનેજર નરેશ રાણા સામે વધુ એક ગુનો નોંધી વિશેષ કાર્યવાહી હાથ ધરી છે.

## અમરેલીના જેસલ બગડાની અંડર-19 ટુર્નામેન્ટમાં ધમાકેદાર ઈનિંગ

» SCA ના સિલેક્ટરો અને હોદ્દેદારો યુવા ક્રિકેટરના પ્રદર્શનથી પ્રભાવિત થયા

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ (ખંઢેરી) ખાતે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન (SCA) દ્વારા આયોજિત ઈન્ટર ડિસ્ટ્રિક્ટ અંડર-૧૯ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ થયો છે. આજે ટુર્નામેન્ટની પ્રથમ મેચ અમરેલી અને રાજકોટ રૂરલની ટીમ વચ્ચે રમાઈ હતી. આ રોમાંચક મેચમાં ભલે રાજકોટ રૂરલની ટીમે વિજય મેળવ્યો હોય, પરંતુ અમરેલીના યુવા ક્રિકેટર જેસલ બગડાની ૮૩ રનની ધમાકેદાર બેટિંગે મેદાનમાં સૌ કોઈનું ધ્યાન આકર્ષિત કર્યું હતું.જેસલ બગડા રાઈટ હેન્ડ ઓપનિંગ બેટ્સમેન અને લેફ્ટ હેન્ડ બોલર છે. આજની મેચમાં અમરેલી ટીમ વતી જેસલ ઓપનિંગ બેટ્સમેન તરીકે મેદાને ઉતર્યો હતો. શરૂઆતથી જ આક્રમક અંદાજમાં રમતા તેણે રાજકોટ રૂરલના બોલરોનો મક્કમતાથી સામનો કર્યો હતો. જેસલે કુલ ૧૦૧ બોલ રમીને મેદાનની ચારેતરફ ૪ ગગનચુંબી છગ્ગા અને ૮ શાનદાર ચોગ્ગા ફટકારીને ૮૩ રનનો વ્યક્તિગત સ્કોર બનાવ્યો હતો.

જેસલની આ ધમાકેદાર બેટિંગના સહારે અમરેલીની ટીમ નિર્ધારિત ૪૦ ઓવરના અંતે ૧૯૨ રનનો સન્માનજનક સ્કોર નોંધાવી શકી હતી. ૧૯૩ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી રાજકોટ રૂરલની ટીમે



૩૨.૫ ઓવરમાં આ ટાર્ગેટ પૂર્ણ કરીને મેચ પોતાના નામે કરી લીધી હતી. જોકે, હાર છતાં અમરેલીના જેસલનું પ્રદર્શન મેચનું મુખ્ય આકર્ષણ બની રહ્યું હતું.

SCA દ્વારા આયોજિત આ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ટુર્નામેન્ટમાં સમગ્ર સૌરાષ્ટ્રભરમાંથી ઉભરતા અંડર-૧૯ ખેલાડીઓ પોતાની પ્રતિભા બતાવવા આવે છે. આ ટુર્નામેન્ટમાં એસોસિએશનના હોદ્દેદારો અને ખાસ કરીને સિલેક્ટરોની નજર યુવા ખેલાડીઓના પ્રદર્શન પર સતત રહેતી હોય છે. ત્યારે આજની મેચમાં દબાણ વચ્ચે રમાયેલી જેસલ બગડાની આ ધીરજવાળી અને આક્રમક ઈનિંગથી SCA ના સિલેક્ટરો પણ ખાસા પ્રભાવિત થયા હોવાનું જાણવા મળે છે.

# ડેરી પ્લાન્ટના માલિકના આપઘાત બાદ 61 લાખની મશીનરીની ઉચાપત

સિટી ન્યૂઝ@પડધરી

રાજકોટમાં ડેરી પ્લાન્ટના માલિકને મરવા મજબૂર કરનાર ભાઈ-બહેન સામે ૬૧ લાખ રૂપિયાની મશીનરીની ઠગાઈની વધુ એક ફરિયાદ પડધરી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. પૂર્વ આયોજિત કાવતરું રચીને મશીનરી હડપ કરી જવાના આ બનાવે ભારે ચકચાર જગાવી છે. અગાઉ આ જ મામલે જામકંડોરણામાં પણ એફઆઈઆર (FIR) નોંધાઈ ચૂકી છે. આર્થિક શોષણ અને માનસિક ત્રાસનો ભોગ બનેલા પરિવારને હવે ન્યાયની આશા છે.પ્રાપ્ત વિગતો મુજબ, રાજકોટના રેલનગર વિસ્તારમાં આવેલી શ્યામજી કૃષ્ણવર્મા ટાઉનશિપમાં રહેતા કાજલ નિલેશ હિંડોચાએ પડધરી પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ખંભાળા ગામના જયદીપ મનજી પેથાણી અને તેની બહેન ધર્મિષ્ઠા મનજી પેથાણીના નામ આપ્યા છે. ફરિયાદમાં વિગતવાર જણાવ્યા અનુસાર, કાજલના પતિ નિલેશ હિંડોચા તથા તેમના બે ભાગીદારો ભાર્ગવ ભદ્રા અને પૂર્વી ત્રિવેદીએ વર્ષ ૨૦૨૪ માં ખંભાળા ગામે મંજુલા પાંચાણીના પ્લોટમાં એક મોટો શેડ ભાડે રાખીને 'વી ફોર યુ' ડેરી પ્લાન્ટ શરૂ કર્યો હતો. આ પ્લાન્ટમાં લાખો રૂપિયાનું રોકાણ

**પડધરીના ખંભાળા ગામે ભાઈ-બહેને ફેક્ટરી બંધ કરાવી ચાવી પડાવી લીધી હતી**

કરવામાં આવ્યું હતું અને ધંધો પણ સારી રીતે ચાલી રહ્યો હતો. પરંતુ એપ્રિલ ૨૦૨૫ માં મંજુલાના પુત્ર જયદીપ અને પુત્રી ધર્મિષ્ઠાએ અચાનક પ્લાન્ટ પર આવીને ફેક્ટરી બળજબરીથી બંધ કરાવી દીધી હતી. એટલું જ નહીં, તેઓએ દાદાગીરી કરીને ડેરીની ચાવી પણ પોતાની પાસે રાખી લીધી હતી. ફેક્ટરી બંધ થવાથી ઊભા થયેલા આર્થિક સંકટ, દેવાં અને આરોપીઓના સતત માનસિક ત્રાસથી કંટાળીને અને હતાશ થઈને આખરે નિલેશે જામકંડોરણાના સાતુદડ ગામે ઝેરી દવા પીને આપઘાત કરી લીધો હતો, જેનાથી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. ફરિયાદી કાજલના જણાવ્યા મુજબ, પતિના દુખદ અવસાન બાદ પરિવાર પહેલેથી જ ભાંગી પડ્યો હતો. પોલીસ ફરિયાદ ન કરવા માટે અને મામલો થાળે પાડવા માટે આરોપીઓએ ઓગસ્ટ ૨૦૨૫ માં કાજલ સાથે એક સમાધાન કરાર કર્યો હતો. આ કરારમાં આરોપીઓએ કાગળ પર લેખિતમાં એવું દર્શાવ્યું હતું કે ડેરીની તમામ મશીનરી અને સામાન કાજલને સોંપી દીધા છે. પરંતુ વાસ્તવમાં આ એક મોટો છેતરપિંડીનો ખેલ હતો, કારણ કે ડેરીની ચાવી કે મશીનરી સહિતનો કોઈ પણ સામાન ક્યારેય કાજલ કે તેના પરિવારને પરત આપવામાં આવ્યો નહોતો. તાજેતરમાં માર્ચ ૨૦૨૬ માં જ્યારે બેંકના અધિકારીઓ સાથે લોન અને અન્ય હિસાબોની પતાવટ માટે સ્થળ પર તપાસ કરવામાં આવી ત્યારે ખંભાળા સ્થિત ડેરીની અંદરથી ૬૧,૦૮,૮૨૨ રૂપિયાની માતબર કિંમતના તમામ કિંમતી મશીનો, સ્પેરપાર્ટ્સ અને અન્ય સાધનસામગ્રી ગાયબ જોવા મળ્યા હતા. આરોપી ભાઈ-બહેને પૂર્વ આયોજિત કાવતરું રચીને અને વિશ્વાસઘાત કરીને આ મશીનો ક્યાંક સગેવગે કરી નાખ્યા હોવાનું સ્પષ્ટ થતાં, આખરે પત્ની કાજલે લાચાર બનીને પડધરી પોલીસમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા અને મશીનરી રિકવર કરવા માટેની ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

# ભાજપના પૂર્વ કોર્પોરેટર અને જનસેવક હરિભાઈ ડાંગરનો જન્મદિવસ

સિટી ન્યૂઝ@રાજકોટ



૧૯૬૨ના રોજ ગામ નેસડા, જિ. જામનગર ખાતે જન્મેલા હરિભાઈ ડાંગર આજે સફળ જીવનના ૬૪ વર્ષ પૂર્ણ કરીને ૬૫મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. યુવાનીથી જ ભારતીય જનતા પાર્ટીની વિચારધારાથી પ્રેરાઈ જાહેર જીવનમાં સક્રિય બનેલા હરિભાઈ ડાંગરે વર્ષ ૧૯૯૦માં કોંગ્રેસના ગઢ ગણાતા જૂના વોર્ડ નં. ૭માં ભાજપની ત્રણ બેઠકો સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ત્યારબાદ કોર્પોરેટર તરીકે ચૂંટાઈ આવી જનસેવાની અમૂલ્ય ફરજ નિભાવી હતી. તેમના કાર્યકાળ દરમિયાન વોર્ડના રહેવાસીઓમાં તેમણે વિશેષ લોકચાહના અને વિશ્વાસ પ્રાપ્ત કર્યો હતો. મહાનગર પાલિકામાં માર્કેટ સમિતિ તથા રોશની સમિતિના અધ્યક્ષ તરીકે તેમજ સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય તરીકે તેમણે પોતાની જવાબદારીઓ નિષ્ઠા અને કાર્યકુશળતાથી નિભાવી હતી. તેમના ધર્મપત્ની જયાબેન હરિભાઈ ડાંગરે પણ વોર્ડ નં. ૧૩ના કોર્પોરેટર તરીકે જનસેવાની જવાબદારી સફળતાપૂર્વક નિભાવી હતી. છેલ્લા ૩૫ વર્ષથી જાહેર જીવનમાં ભાજપ પ્રત્યે અડગ વફાદારી જાળવી રાખી અનેક રાજકીય ચડતી-પડતી વચ્ચે પક્ષ અને સમાજ માટે સમર્પિત ભાવનાથી કાર્ય કરનાર હરિભાઈ ડાંગરે ભાજપ પરિવાર, મતદારો, મિત્રો અને શુભેચ્છકોમાં વિશાળ ચાહના પ્રાપ્ત કરી છે. આ શુભ અવસરે હરિભાઈ ડાંગરને જન્મદિવસની હાર્દિક શુભકામનાઓ સાથે તેમના ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય અને સતત લોકસેવાના યશ માટે શુભેચ્છાઓ. બાપલિયા હરીભાઈ ડાંગર ને તેમના જન્મદિવસ ની શુભકામના આપવા માટે મો.નં. ૯૯૭૪૩ ૪૩૬૪૩ પર શુભકામનાઓ ની વર્ષા થઈ રહી છે.

# કોંગ્રેસના યુવા નેતા રોહિતસિંહ રાજપૂતનો આવતીકાલે જન્મદિવસ



સિટી ન્યૂઝ@રાજકોટ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ (સૌરાષ્ટ્ર ઝોન)ના પ્રવક્તા અને લડાયક વિદ્યાર્થી આગેવાન રોહિતસિંહ રાજપૂતનો આજે જન્મદિવસ છે .ગીર સોમનાથ જિલ્લાના અનિડા ગીર ગામના સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મેલા રોહિતસિંહ રાજપૂતે વિદ્યાર્થી જીવનથી જ જાહેર પ્રશ્નો અને સામાજિક મુદ્દાઓ માટે સક્રિય ભૂમિકા ભજવી છે. મિકેનિકલ એન્જિનિયરિંગ તથા કાયદાનું શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ તેઓ હાલમાં એલએલ.એમ.નો અભ્યાસ કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૬થી તેઓ એનએસયુઆઈ સાથે જોડાયેલા છે અને વિવિધ સંગઠનાત્મક જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવી ચૂક્યા છે. રાજકોટ જિલ્લા એનએસયુઆઈના ઉપપ્રમુખ અને ત્યારબાદ જિલ્લા પ્રમુખ તરીકે કામગીરી કર્યા બાદ હાલ તેઓ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સૌરાષ્ટ્ર ઝોનના પ્રવક્તા તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે. રોહિતસિંહ રાજપૂતે વિદ્યાર્થી, યુવા, ખેડૂત અને સામાન્ય નાગરિકોના પ્રશ્નોને સતત વાચા આપી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વિવિધ ગેરરીતિઓ ઉજાગર કરવાથી લઈને વિદ્યાર્થીઓ પર થતા અન્યાય સામે અવાજ ઉઠાવવો, ફી વધારો, માર્ગોની દુર્દશા તેમજ જનહિતના પ્રશ્નોને લઈને અનેક આંદોલનો અને રજૂઆતોમાં તેમણે સક્રિય નેતૃત્વ આપ્યું છે. છેલ્લા એક દાયકામાં તેમણે ૧૦૦૦થી વધુ જાહેર કાર્યક્રમો, આંદોલનો અને લોકહિતની પ્રવૃત્તિઓમાં મહત્વની ભૂમિકા ભજવી છે.

શિક્ષણ, આરોગ્ય અને કૃષિ ક્ષેત્રને સમાજના વિકાસનો આધાર માનતા રોહિતસિંહ રાજપૂત કોંગ્રેસ પક્ષની વિચારધારા અને મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધ રહીને જનસેવાનું કાર્ય કરી રહ્યા છે.

તેમના જન્મદિવસ નિમિત્તે રાજકીય, સામાજિક, શૈક્ષણિક તથા વિવિધ ક્ષેત્રના આગેવાનો, કાર્યકરો અને શુભેચ્છકો તરફથી તેમને તેઓના મો.૭૦૧૬૮૩૭૬૫૨ પર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

# પંજાબની જેમ ગુજરાતના આઉટસોર્સ કર્મચારીઓને કાયમી કરવા માંગ

સિટી ન્યૂઝ@રાજકોટ

પંજાબની આમ આદમી પાર્ટીની સરકારે ૬૫૦૦૦ થી વધુ આઉટસોર્સ કર્મચારીઓને સરકાર હસ્તક લેવાનો મોટો નિર્ણય કર્યો છે. આ નિર્ણયને ટાંકીને આમ આદમી પાર્ટીના નેતા પ્રવીણ રામે ગુજરાત સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. પ્રવીણ રામે ગુજરાતમાં કામ કરતા અંદાજે ૫ લાખ જેટલા આઉટસોર્સિંગ અને કોન્ટ્રાક્ટ કર્મચારીઓનું ખુલ્લેઆમ આર્થિક શોષણ થતું હોવાનો ગંભીર આક્ષેપ લગાવ્યો છે અને ગુજરાતમાં પણ પંજાબ જેવો નિર્ણય લાગુ કરવા ઉગ્ર માંગ ઉઠાવી છે. પ્રવીણ રામે એક વીડિયો નિવેદનમાં જણાવ્યું હતું કે, પંજાબમાં ભગવંત માન સરકારે કોન્ટ્રાક્ટ કર્મચારીઓને સરકાર હસ્તક લઈને PF અને નિવૃત્તિના લાભ આપવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે, જે સમગ્ર દેશ માટે ઉત્તમ ઉદાહરણ સમાન છે. તેની સામે ગુજરાતમાં ભાજપ સરકાર પોતાની માનીતી એજન્સીઓને સરકારી તિજોરીના પૈસા આપી રહી છે. આ એજન્સીઓ અને સરકારના મળતિયાઓ કર્મચારીઓના નામે કટકી કરી જાય છે, જેના કારણે ગુજરાતનો યુવાન કોન્ટ્રાક્ટ પ્રથાના નામે બેફામ પીસાઈ રહ્યો છે. ગુજરાત સરકારની નીતિઓ પર પ્રહાર કરતા તેમણે ઉમેર્યું કે, ગુજરાતની સરકારે યુવાનોનું શોષણ કરવામાં કંઈ જ બાકી રાખ્યું નથી. ગુજરાતની જનતાએ હવે આપ અને ભાજપ સરકારની કાર્યપદ્ધતિ વચ્ચેનો તફાવત સમજવાની જરૂર છે. પ્રવીણ રામે ગુજરાતના આઉટસોર્સિંગ અને કોન્ટ્રાક્ટ કર્મચારીઓ વતી રાજ્ય સરકાર સમક્ષ ઉગ્ર માંગ કરી છે કે પંજાબ સરકારની જેમ ગુજરાતમાં પણ આઉટસોર્સ કર્મચારીઓને સરકાર હસ્તક લેવાનો ઐતિહાસિક નિર્ણય તાત્કાલિક લેવામાં આવે, જેથી લાખો યુવાનોને આર્થિક શોષણમાંથી મુક્તિ મળી શકે.



# રાજકોટમાં સ્વ.મધુબેન શુક્લના સ્મરણાર્થે દંત સેવા કેમ્પ યોજાયો

## »અરવિંદ મણિયાર ટ્રસ્ટ અને નિધિ સ્કૂલના ઉપક્રમે 72 દર્દીઓની વિનામૂલ્યે સારવાર કરાઈ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેરમાં સ્વ. મધુબેન ચીમનભાઈ શુક્લના સ્મરણાર્થે અરવિંદ મણિયાર જન કલ્યાણ ટ્રસ્ટ અને નિધિ સ્કૂલના સંયુક્ત ઉપક્રમે નિશુલ્ક દંત સેવા કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીગ્રામ વિસ્તારમાં યોજાયેલા આ સેવા કેમ્પમાં ૭૨ જેટલા જરૂરિયાતમંદ દર્દીઓની તપાસ કરી વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી.

આ દંત ચિકિત્સા કેમ્પમાં જાણીતા દંતશાસ્ત્રી ભરત વ્યાસ તેમજ ડો. રુચિતા માલી (BDS) એ વિશેષ સેવાઓ આપી હતી. નિષ્ણાતોએ ૭૨ દર્દીઓના દાંતની ઝીણવટભરી ચકાસણી કરી હતી. જે દર્દીઓના દાંત સડેલા કે હલતા હતા, તેમના દાંત યોગ્ય પદ્ધતિથી કાઢી આપવામાં આવ્યા હતા. દાંત કાઢ્યા બાદ દર્દીઓને શક્તિ મળી રહે તે માટે આયોજકો તરફથી પૌષ્ટિક આહાર પણ પૂરો પાડવામાં આવ્યો હતો. આ ઉપરાંત, જરૂરિયાતમંદ દર્દીઓને દાંતની જાળવણી માટેનું માર્ગદર્શન અને વિનામૂલ્યે દવા પણ આપવામાં આવી હતી.

આ સેવા કેમ્પમાં શુક્લ પરિવારના કૌશિક શુક્લ અને પ્રદેશ ભાજપ અગ્રણી કશ્યપ શુક્લ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શોભા વધારવા રાજકોટ શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, ધારાસભ્ય ડો. દર્શિતા શાહ, પૂર્વ કેન્દ્રીય મંત્રી વલ્લભ કથીરિયા, ડેપ્યુટી મેયર દક્ષા વસાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરેશ પીપળીયા, ભાજપ પ્રવક્તા રાજુ ધ્રુવ, મહામંત્રી લલીત વાડોલીયા અને યોગેન્દ્રસિંહ જાડેજા હાજર રહ્યા હતા. આ ઉપરાંત કોર્પોરેટર જયરાજસિંહ જાડેજા, ખ્યાતિ ગોહેલ, અંજના મોરજરીયા, લલીત વડેરીયા (કાળુમામા), કિરીટ ગોહેલ અને પ્રદેશ યુવા અગ્રણી ખુરશીદ સુમાએ પણ કેમ્પની મુલાકાત લીધી હતી.

કેમ્પને સફળ બનાવવા માટે અરવિંદ મણિયાર જન કલ્યાણ ટ્રસ્ટના કલ્પક મણિયાર, દીપક કારિયા, ધોળકિયા, જાનવી લાખાણી, પ્રભાત ડાંગર અને ગુણવંત ભટ્ટ ખડેપગે રહ્યા હતા. જ્યારે સ્થળ પર દર્દીઓની નોંધણી અને સમગ્ર વ્યવસ્થા નિધિ સ્કૂલના યશપાલસિંહ ચુડાસમા તેમજ હર્ષદ રાઠોડ દ્વારા સંભાળવામાં આવી હતી.

# ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડમાં વૈષ્ણવ પરિવાર દ્વારા ચુનરી મનોરથ



સિટી ન્યૂઝ@ઓકલેન્ડ

ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડ શહેરમાં વસતા વૈષ્ણવ સમુદાય દ્વારા ભારતીય સંસ્કૃતિ અને પરંપરાની ભવ્ય ઝલક રજૂ કરતો કાર્યક્રમ યોજાયો હતો. વૈષ્ણવ પરિવાર ન્યુઝીલેન્ડ ઇન્ક (VPNZ) દ્વારા 30 મે ૨૦૨૬ ના રોજ પાવન ચુનરી મનોરથ ઉત્સવની ભવ્ય અને ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી. આ પવિત્ર પ્રસંગે વિશાળ સંખ્યામાં વૈષ્ણવો ઉત્સાહપૂર્વક જોડાયા હતા અને યમુનામૈયાની કૃપા સાથે ચુનરી મનોરથનો દિવ્ય લહાવો માણ્યો હતો.આ વર્ષના ઉત્સવની વિશેષતા એ હતી કે ચુનરીઓ ખાસ કરીને ભારતમાંથી મંગાવવામાં આવી હતી, જેનાથી આ પ્રસંગ વધુ પાવન અને પરંપરાગત બન્યો હતો. VPNZ ના સેવાભાવી વોલન્ટિયર્સે ભારે જહેમત ઉઠાવીને પવિત્ર યમુના જળનું એક સુંદર કૃત્રિમ તળાવ (પૂલ) તૈયાર કર્યું હતું. આ તળાવમાંથી ચુનરીઓને પસાર કરવામાં આવી હતી, જે ચુનરી મનોરથની પરંપરાનું અત્યંત ભાવનાત્મક અને મુખ્ય અંગ છે.ઉત્સવ દરમિયાન યમુનાજીના ભજનોની મધુર ધૂન ગુંજી ઉઠી હતી અને વૈષ્ણવ મહિલાઓએ આનંદભેર ગરબા કરીને ચુનરી મનોરથની ઉજવણીને વધુ રંગીન બનાવી હતી. સમગ્ર વાતાવરણ ભક્તિ, આનંદ અને પાવનતાથી છલકાઈ ઉઠ્યું હતું. ખાસ ગુજરાતથી ન્યૂઝીલેન્ડ ગયેલા પરિવારજનોએ આશ્ચર્ય વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સાત સમંદર પાર જાણે ભારત અને વ્રજભૂમિમાં જ હોય તેવું આબેહૂબ વાતાવરણ ઊભું કરાયું હતું. આ પ્રસંગે વૈષ્ણવ પરિવાર NZ ના પ્રમુખે તમામ વૈષ્ણવોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ખાસ કરીને મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા માટે કિચન કમિટીનો, આકર્ષક સજાવટ માટે ડેકોરેશન કમિટીનો અને તમામ વ્યવસ્થાઓ નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરવા બદલ યુવા વોલન્ટિયર્સનો આભાર માન્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે આવા ઉત્સવો માત્ર પરંપરા જાળવતા નથી, પરંતુ વિદેશમાં વસતા સમુદાયને એકતા, ભક્તિ અને ભારતીય સંસ્કારો સાથે જોડી રાખે છે.

# વિદ્યાર્થીઓ માટે કારકિર્દીનાં ઉંબરે પુસ્તકની 21મી આવૃત્તિનું વિમોચન

» કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનોના હસ્તે 12 પછીના કોર્સ અંગેના પુસ્તકનું વિમોચન કરાયું

» ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં 300 થી વધુ કોર્સ અને 40 પ્રવેશ પરીક્ષાની માહિતી

» વિદ્યાર્થીઓ માટે આ માર્ગદર્શક પુસ્તક ઓનલાઈન વિનામૂલ્યે ડાઉનલોડ કરવા ઉપલબ્ધ

**સિટી ન્યૂઝ@અમદાવાદ**







ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે પથદર્શક બનતા પુસ્તક કારકિર્દીનાં ઉંબરે ની ૨૧મી આવૃત્તિનું ગુજરાત કોંગ્રેસ દ્વારા વિમોચન કરવામાં આવ્યું છે. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી મુકુલ વાસનીક, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, ધારાસભ્ય તુષાર ચૌધરી અને સાંસદ શક્તિસિંહ ગોહિલના હસ્તે આ પુસ્તકનું લોકાર્પણ કરાયું હતું. શિક્ષણ ક્ષેત્રે ૩૦ વર્ષથી સક્રિય કોંગ્રેસ મીડિયા કન્વીનર ડૉ. મનીષ દોશી અને તેમના સહયોગીઓ દ્વારા સતત ૨૧ વર્ષથી આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે.

આ પુસ્તકમાં આર્ટસ, કોમર્સ અને સાયન્સના વિદ્યાર્થીઓ માટે ધોરણ ૧૦ અને ૧૨ પછી ઉપલબ્ધ ૩૦૦ થી વધુ અભ્યાસક્રમોની વિગતો આવરી લેવામાં આવી છે. આ ઉપરાંત ૪૦ થી વધુ પ્રવેશ પરીક્ષાઓ, કોલેજોની બેઠકો, સરકારી સ્કોલરશીપ અને એજ્યુકેશન લોન મેળવવાની પ્રક્રિયા સહિતની તમામ પાયાની વિગતો આપવામાં આવી છે. વિદ્યાર્થીઓની સરળતા માટે આ તમામ માહિતી ગુજરાતી અને અંગ્રેજી એમ બંને ભાષામાં ઉપલબ્ધ કરાવાઈ છે.

પુસ્તક વિમોચન પ્રસંગે મુકુલ વાસનીકે જણાવ્યું હતું કે આ માત્ર પુસ્તક નથી, પરંતુ લાખો યુવાનોના ભવિષ્યને સાચી દિશા આપતો સેવાયજ્ઞ છે. અમિત ચાવડાએ ઉમેર્યું કે મોંઘીદાટ કેરિયર કાઉન્સિલિંગ ફી ન ભરી શકતા ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે આ પુસ્તક વરદાનરૂપ છે. શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે યોગ્ય માર્ગદર્શનના અભાવે પ્રતિભાઓ કરમાઈ ન જાય તે માટે આ પુસ્તક ઉત્તમ પથદર્શક બને છે. જ્યારે તુષાર ચૌધરીએ કહ્યું કે પુસ્તકમાં માત્ર કોર્સ જ નહીં, પરંતુ માનવીય ગુણોના વિકાસની વિગતો પણ વણી લેવાઈ છે.

આ પુસ્તક વિદ્યાર્થીઓ માટે www.incgujarat.com અને www.careerpath.info પરથી વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકાશે. વિમોચન કાર્યક્રમમાં હિંમતસિંહ પટેલ, રામકિશન ઓઝા, નીશીત વ્યાસ, બિમલ શાહ, હેમાંગ રાવલ, ડૉ. હિરેન બેન્કર અને ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# માલસરના ગજાનન આશ્રમમાં સંસ્કૃત પાઠશાળામાં નિઃશુલ્ક પ્રવેશ શરૂ

## 8 વર્ષથી ઉપરના બ્રાહ્મણ બાળકો માટે રહેવા, જમવા અને ભણવાની સંપૂર્ણ નિઃશુલ્ક વ્યવસ્થા

**સિટી ન્યૂઝ@વડોદરા**



વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં આવેલા માલસર ગામના ગજાનન આશ્રમ ખાતે ચાલતી સંસ્કૃત પાઠશાળામાં નવા શૈક્ષણિક સત્ર માટે બ્રાહ્મણ બાળકોને નિશુલ્ક પ્રવેશ આપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. વિજય જોષી દ્વારા છેલ્લા ૨૩ વર્ષથી આ પાઠશાળા ચલાવવામાં આવે છે, જેમાં બાળકોના સર્વાંગી વિકાસ અને સંસ્કાર સિંચન પર વિશેષ ભાર મૂકવામાં આવે છે.

નર્મદા નદીના પવિત્ર તટે આવેલા આ આશ્રમમાં ૮ વર્ષની ઉંમરના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. અહીં રહેવા, જમવા અને અભ્યાસની સુવિધા બિલકુલ નિશુલ્ક પૂરી પાડવામાં આવે છે. આશ્રમમાં માત્ર પરંપરાગત સંસ્કૃત શિક્ષણ જ નહીં, પરંતુ તેની સાથે આધુનિક શિક્ષણ અને સ્પોર્ટ્સ (રમતગમત) સહિતના વિષયો પર પણ સંપૂર્ણ ધ્યાન આપવામાં આવે છે, જેથી બાળકો આજના યુગ સાથે સક્ષમતાથી તાલમેલ મિલાવી શકે. નર્મદા નદીના સાંનિધ્યમાં રહેવાથી બાળકોમાં વિશેષ આધ્યાત્મિક ઊર્જાનો સંચાર થાય છે. આશ્રમમાં કર્મકાંડના વિષય માટે ખાસ કાશીથી આવેલા વિદ્વાન શાસ્ત્રી ઉદયપ્રસાદ જ્ઞાન આપે છે. જ્યારે વાસ્તુ અને જ્યોતિષશાસ્ત્રનો ગહન અભ્યાસ વડોદરાના પ્રખર જ્યોતિષશાસ્ત્રી ગોપાલ ભટ્ટ દ્વારા કરાવવામાં આવે છે. અહીંથી તૈયાર થયેલા અનેક વિદ્વાન બ્રાહ્મણો આજે દેશ-વિદેશમાં જઈને ભારતીય ધર્મ અને સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે. પ્રવેશ મેળવવા ઈચ્છતા વાલીઓ ગજાનન આશ્રમ (માલસર, તા. શિનોર, જિ. વડોદરા) નો રૂબરૂ અથવા મોબાઈલ નંબર 98251 17408, 99241 32032 કે 98244 29520 પર સંપર્ક કરી શકે છે.

# ગોંડલમાં સામાજિક વૈમનસ્ય ફેલાવતો વીડિયો વાયરલ કરનાર સામે ગુનો

**સિટી ન્યૂઝ@ગોંડલ**

ગોંડલના રાજકારણમાં ફરી એકવાર ગરમાવો આવ્યો છે બે જૂથો વચ્ચે વીડિયો વોર શરૂ થઈ છે. સોશિયલ મીડિયા પર ક્ષત્રિય અને પાટીદાર સમાજ વચ્ચે શાંતિ ડહોળવાનો પ્રયાસ કરતો એક ઉશ્કેરણીજનક વીડિયો વાયરલ થયા બાદ પોલીસે એક શખ્સ વિરૂધ્ધ વિધિવત ફરિયાદ નોંધીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગોંડલ સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા મદનસિંહ જેઠુસિંહ ચૌહાણએ મોહન પાર્ક ખાતે રહેતા પિયુષભાઈ લાલજીભાઈ રાદડિયા વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે, ૩૧/૦૫/૨૦૨૬ ના રોજ બપોરે ૧૩:૧૫ કલાકે માહીતી પ્રાપ્ત થઈ હતી. પોલીસની સર્વેલન્સ સ્ક્વોડ સોશિયલ મીડિયાની ગતિવિધિઓ પર નજર રાખી રહી હતી, તે દરમિયાન ઈન્સ્ટાગ્રામ પર atthistimegondal નામની આઈડી પરથી એક વીડિયો વાયરલ થયેલો જોવા મળ્યો હતો. અંદાજિત ૧ મિનિટ અને 30 સેકધડના આ વીડિયોમાં પિયુષ રાદડિયા ઉશ્કેરણીજનક ભાષાનો ઉપયોગ કરતો જોવા મળ્યો હતો.આ વીડિયોમાં આરોપીએ નિવેદન આપ્યું હતું કે, નીલેશ રૈયાણી મર્ડર કેસમાં જયરાજસિંહના જામીન રદ કરાવવા માટે તે અને જગદીશભાઈ સાટોડીયા સુપ્રીમ કોર્ટમાં પિટિશાન ફાઈલ કરવાના છે. વધુમાં, અશોકભાઈ પીપળીયા પર આક્ષેપ કરતા તેણે જણાવ્યું હતું કે દેવ સાટોડીયા નામના વ્યક્તિને જ્યારે માર માર્યો ત્યારે કાળી રાતે તેના પિતાને દબાવી, ધમકાવીને ફરિયાદ પાછી ખેંચાવવામાં આવી હતી. આરોપીએ વીડિયોમાં જાહેર પ્લેટફોર્મ પર ધમકીભર્યા સ્વરમાં કહ્યું હતું કે, પટેલના દીકરાઓને કોઈને મારવાનું ધમકાવવાનું બંધ કરી દયો નહીંતર હવે સહન નહીં કરી, હું ખુલ્લો સમર્થનમાં આવીશ આ પ્રકારના ઉશ્કેરણીજનક નિવેદનથી ક્ષત્રિય અને પાટીદાર સમાજ વચ્ચે વૈમનસ્ય ફેલાય અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ બગડે તેવી શક્યતા હોવાથી પોલીસે ગુનો નોંધી પીઆઇ ગઢવીએ વધુ તપાસ હાથ ધરી છે.

